૧૮૭૩

નદી–તળાવ, કિનારા, નહેર અને ખાડીની સફાઈ બાબતે રેલીનું આયોજન કરી શપથ વિધી કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્યવિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૨૨/૦૩/૧૭ના રોજ "વર્લ્ડ વોટર ડે" હોવાને કારણે તા.૧૬/૦૩/૧૭ થી તા.૩૧/૦૩/૧૭ દરમ્યાનનદી–તળાવ, કિનારા, નહેર અને ખાડીની સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૧૬/૦૩/૧૭ના રોજ દરેક ઝોનમાં આરોગ્ય/ઈજનેર વિભાગની ટીમ દ્વારા તાપી સેલ, શહેરના ચુટાયેલા પ્રતિનિધિઓ, NGO તેમજ નગરજનોની સંયુકત ટીમ બનાવી નદી–તળાવ, કિનારા, નહેર અને ખાડીની સફાઈ ઝુંબેશ અર્થે પ્રોગ્રામમાં બહોળા પ્રમાણમાં નગરજનો આ કાર્યક્રમમાં ભાગ લે તે માટેના પ્રચાર પ્રસાર અને જનજાગૃતિ લાવવા માટે પોસ્ટરો/બેનર સાથે તમામ ઝોનના મુખ્ય માર્ગો પર રેલી દ્વારા પ્રચાર કરવામાં આવેલ હતો.

| રેલીની સંખ્યા | જનજાગૃતિઅભિયાન રેલીમાં હાજર રહેલ પ્રતિનિધિઓ/સ્ટાફની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|
| | તાપી સેલ/NGO | ચુટાયેલા પ્રતિનિધિઓની સંખ્યા | નગરજનોની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા | શપથ લેનાર પ્રતિનિધિઓ/નગરજનો/મ્યુ.સ્ટાફની સંખ્યા |
| ૦૯ | ૮૮ | ૨૩ | ૪૩૩ | ૩૪ | ૧૮૩ | ૭૬૧ |

વધુમાં રેલીમાં હાજર રહેલ તમામ સભ્યોને સ્વચ્છતા અને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપ્યા બાદ સ્વચ્છતા બાબતના શપથ લેવડાવામાં આવ્યા હતા.

૧૮૭૪

શહેરમાં આવેલ તમામ તાપી રિવર ફ્રન્ટ અને તમામ વોક–વેનાં રસ્તાઓ, કિનારાઓ તેમજ તેની આજુબાજુનાં વિસ્તારમાં ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ/ર્કાયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત તા.૨૨/૦૩/૧૭ના રોજ ''વર્લ્ડ વોટર ડે'' હોવાને કારણે તા.૧૬/૦૩/૧૭ થી તા.૩૧/૦૩/૧૭ દરમ્યાનનદી–તળાવ, કિનારા, નહેર અને ખાડીની સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૧૭/૦૩/૧૭ના રોજ દરેક ઝોનમાં આરોગ્ય/ઈજનેર વિભાગની ટીમ દ્વારા તાપી સેલ, શહેરના ચુટાયેલા પ્રતિનિધિઓ, NGO તેમજ નગરજનોની સંયુકત ટીમ બનાવી શહેરઝોનવિસ્તારમાં આવેલતાપી રિવર ફ્રન્ટ અને તમામ વોક–વેનાં રસ્તાઓ, કિનારાઓ તેમજ તેની આજુબાજુનાં વિસ્તારમાં ધનિષ્ઠ સફાઈ ઝુંબેશની કમગીરી કરાવ્યા બાદ જંતુનાશક દવાનો છંટકાવ કરવાની કામગીરીકરવામાં આવી હતી.

| ઓવારા/રિવર ફ્રન્ટની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા | NGOની સંખ્યા | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|
| ૧૮ | ૨૩ | ૧૬૦ | ૧૦૮ | ૨.૮૦૬ | ૩૯૫ |

વધુમાં હાજર રહેલ તમામ સભ્યોને શહેરનમાં સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપ્યા બાદ સ્વચ્છતાનાં શપથ લેવડાવામાં આવ્યા હતા.

## —: પ્રેસનોટ :—

૧૮૭૫

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૧૭/૦૩/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન દુર કરવાની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ઉધના ઉદ્યોગનગર સંઘ, રોડ નં.૧૦ માં આવેલ પ્લોટ નં. એ/૨૧/૩, એ/૨૧/૪ માં આશરે ૧૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂ.૧,૨૦,૦૦૦/— વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૮૭૬

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

# <u>પ્રેસનોટ</u>

**<u>ાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં તા.૧૭/૦૩/૨૦૧૭ના રોજ કરેલ કામગીરીની વિગત</u>**

**તા.૧૭.૦૩.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૭ ફાઈલના **રૂા.૦૦.૨૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૦૯** લોકેશન (ખાડા) **૪૨૫.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૮ લોકેશન, **૨૭૮૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના)માં ઉધના ઉદ્યોગનગર સંઘ, રોડ નં.**૧૦** માં આવેલ પ્લોટ નં. એ/૨૧/૩, એ/૨૧/૪ માં આશરે **૧૦૦૦** ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.**૧,૨૦,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે. તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૩**, પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ કરવામાં આવેલ., તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦૦ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૦૧** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૫૬.૪૭** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧૦.૨૯** લાખ થયેલ છે., ૦૭ EC તથા ૦૪ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૨,૬૨૭/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૯૦૦/–** વસુલ લેવામાં આવેલ છે., **૬૨** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૮ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૨** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૬૬.૮૯** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૫૬** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૯,૧૫૦/–** છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦,૨૧૪** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૪,૨૫૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૪૬** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૮૯૯** કરવામાં આવેલ છે. જયારે **૨૯** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૮૭૭

# <u>પ્રે સ નો ટ</u>

ફુડ વિભાગનાં ફુડ ઈન્સ્પેકટર શ્રી કે.જી.પટેલે તા. ૧૦/૧૨/૨૦૦૯ના રોજ ઠે. હીદાયતનગર પોલીસ ચોકી પાસે, પાલનપુર જકાત નાકા, સુરતનાં સ્થળેથી શ્રી ઈશ્વરભાઈ ખોડાભાઈ દેસાઈ પાસેથી પી.એફ.એ. એકટ હેઠળ, ' ભેસ નું દુધ ' નો નમુનો લઈ પૃથ્થકરણ માટે પબ્લીક એનાલીસ્ટશ્રી, સુરત મહાનગરપાલિકાને મોકલવામાં આવેલ. તે અંગે પબ્લીક એનાલીસ્ટશ્રી નાં આવેલ રીપોર્ટ મુજબ સદર નમુનો ભેળસેળવાળો માલમ પડતાં સુરત મહાનગરપાલિકાનાં મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ અને લોકલ હેલ્થ ઓથોરીટીશ્રી ડો. એચ.એસ.દેસાઈ સાહેબની તા. ૧૪/૦૫/૨૦૧૦ ની મંજુરીથી નામદાર મ્યુનિ.કોર્ટમાં પી.એફ.એ. કેસ નં. ૧૩/૨૦૧૦ તા. ૧૫/૦૫/૨૦૧૦ થી જવાબદાર ઈસમ સામે કેસ દાખલ કરવામાં આવેલ.

સદર કેસ નામદાર મ્યુનિ. કોર્ટમાં ચાલતા, જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) શ્રી વી.કે.બંસલ સાહેબે તા. ૧૦/૦૩/૨૦૧૭નાં રોજ આપેલ ચુકાદા મુજબ ક્રિ.પ્રો.કોડની કલમ : ૨૪૮(૨) અન્વયે આ કામનાં આરોપી શ્રી ઈશ્વરભાઈ ખોડાભાઈ દેસાઈને પી.એફ.એ. એકટની સને ૧૯૫૪ની કલમ–૨(૧–એ)(એમ) તથા કલમ–૭(૨) અને ૧૬ મુજબ સજા પાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી આરોપીને છ માસની સખત કેદની સજા તથા રૂા. ૩,૦૦૦/–નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરેતો બે માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે.

"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬-૧૭"

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા. ૧૮/૦૩/૨૦૧૭

**પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ કપાદ્રા વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી બાબત.**

ટી.પી. સ્કીમ નં.૧૬(કપાદ્રા), ફા.પ્લોટ નં.૩૮ માં આવેલ વડવાળા સર્કલ પાસે આવેલ કોમર્શીયલ કોમ્પલેક્ષ પાસે રોડ પર થતા બોટલનેક દુર કરવા અર્થે તથા માર્જીનવાળા ભાગમાં પાર્કીંગ થઈ શકે તે હેતુસર તા.૧૭/૦૩/૨૦૧૭ તથા તા.૧૮/૦૩/૨૦૧૭ ના રોજ ડિમોલીશન હાથ ધરી આશરે ૯,૦૦૦.૦૦ ચો.ફુટ ઓટલાનું બાંધકામ દુર કરી, પાર્કીંગની જગ્યા ખુલ્લી કરવામાં આવી.

ઉકત કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના મુજબ શહેરી વિકાસ વિભાગ, દબાણ વિભાગ તથા સીકયુરીટી સ્ટાફ સહિત પાર પાડવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં......1878.........
તા.18/3/2017

૧૮૭૯

# સુરત મહાનગર પાલિકા
# વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી
# અખબારી યાદી

## સુરત મહાનગરપાલિકા દ્વારા આજરોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ અંતર્ગત કરવામાં આવેલ વિવિધ કામગીરી તથા "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૧૮/૦૭/૧૭** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે સ્ટ્રોમડ્રેનેજ માં પાણીનાં ભરાવામાં દવા છંટકાવ, ફોગીંગ તથા સ્ટ્રોમડ્રેનેજ જાળીયા પ્લાસ્ટીકશીટ વડે ઢાંકવા, ખાડીકિનારે માઈનોર એન્જી. કરાવી તેમાં દવા છંટકાવ કરાવવો,ખુલ્લા પ્લોટ માં નીક દ્વારા પાણીનો નીકાલ કરાવવો, બંધિયાર પાણી ભરાવામાં દવા છંટકાવ તેમજ તમામ ઝોનમાં "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં હોડીબંગલા,રામપુરા,ધાસ્તીપુરા,શાહપોર,ચોકબજાર,ઉધના દરવાજા, રાંદેર ઝોનમાં ધનમોરા થી ફઝલ સુધી.ડાબી જમણી બન્ને બાજુ,ભુલકાભવન સ્કુલ થી પાલ ભાઠા સુધી ડાબી જમણી બન્ને બાજુ, ઉધના ઝોનમાં પંચશીલનગર,મહાલક્ષ્મી ઈન્ડ. પાસે, જી.આઈ.ડી.સી. પુલ પાસે, લિંબાયત ઝોનમાં ભરવાડવસાહત થી ઈશ્વર પુરા, સી.આર.પાટીલ રોડ રામ નગર સુધી, અઠવા ઝોનમાં અશોકનગરની સામે મેઈન રોડ, ક્રિષ્નાપાર્ક નસ દિવાલ સાથે પીપલોદ ગામ, કતારગામ ઝોનમાં ડભોલી ચાર રસ્તા,મેન્સ ફીલ્ડ અને ભૈરૂજી મેડીકલ, આંબાતલાવડી થી કતારગામ ગામતળ,સતાધાર સો., રઘુવીર સો., વરાછા ઝોનમાં રેણુકાભવન લક્ષ્મીનારાયણ મંદિર ચાર રસ્તા પાસે,હિંમતનગરના ગેટ પાસે–૧, આનંદનગર ચાર રસ્તા પાસે–૧, જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| ચેક કરેલ સ્ટ્રોમ ડ્રેનેજની સંખ્યા | સ્ટ્રોમ ડ્રેનેજમાં પાણી જોવા મળેલની સંખ્યા | બંધ કરેલ સ્ટ્રોમ ડ્રેનેજની સંખ્યા | એન્ટીલાર્વલ કામગીરી કરેલ સ્ટ્રોમ ડ્રેનેજની સંખ્યા | ફોગીંગ કરેલ સ્ટ્રોમ ડ્રેનેજની સંખ્યા | કામગીરી કરાવેલ ખાડીનાં સ્થળો |
|---|---|---|---|---|---|
| 2445 | 753 | 1844 | 1092 | 732 | 120 |

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 35950 | 75498 | 224 | 11465 | 755 | 2040 | 111 | 40450 | 69 | 29838 | 11460 |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

૧૮૮૦

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

# <u>પ્રેસનોટ</u>

### <u>સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં તા.૧૮/૦૩/૨૦૧૭ના રોજ કરેલ કામગીરીની વિગત</u>

**તા.૧૮.૦૩.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૨** ફાઈલના **રૂા.૦૦.૩૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૦૮** લોકેશન (ખાડા) **૩૨૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૦૮** લોકેશન, **૨૭૮૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૧(ઉધના–મજુરા) ફા.પ્લોટ નં.૫૨ માં આવેલ અંબર કોલોનીના પ્લોટ નં.**૨૯** થી **૩૨** માં ચોથા માળનું આશરે **૧૧૦૦** ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ છે., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૪**, પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૯૦,૯૭૬/–** વસુલ કરવામાં આવેલ., તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૬૮** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૩૯** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૫૧.૭૭** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૦૭.૧૦** લાખ થયેલ છે., **૧૦** EC તથા **૦૭** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩,૨૯૫/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૩૦૦/–** વસુલ લેવામાં આવેલ છે., **૮૧** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૦** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૪** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૨** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૩૦.૩૬** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૫૬** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૯,૧૫૦/–** છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧,૭૫૬** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૫,૮૪૮** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૫૮** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૭૩૧** કરવામાં આવેલ છે. જયારે **૨૯** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૧૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

**-: પ્રેસનોટ :-**

૧૮૮૧

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૧૮/૦૩/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન દુર કરવાની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૧(ઉધના-મજુરા) ફા.પ્લોટ નં.૫૨ માં આવેલ અંબર કોલોનીના પ્લોટ નં.૨૯ થી ૩૨ માં ચોથા માળનું આશરે ૧૧૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૮(બમરોલી) માં આવેલ ભકિત નગર વિભાગ-૩ માં આશરે ૨૦૦ ચો.ફુટ નું ગ્રાઉન્ડ ફલોર પર બનાવેલ ચણતરની દિવાલોનું ડિમોલીશન કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬–૧૭"

**"વર્લ્ડ વોટર ડે" નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૮/૦૩/૧૭ના રોજ મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય ત્યાં ડ્રાય ડેની કામગીરી કરવા બાબત.**

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓક્ટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે માર્ચ ૨૦૧૭ની તા.૧૬/૦૩/૧૭ થી તા.૩૧/૦૩/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૨૨/૦૩/૧૭ નાં રોજ **"વર્લ્ડ વોટર ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૮/૦૩/૧૭ના રોજ મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય ત્યાં ડ્રાય ડેની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૮/૦૩/૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ મેડીકલ ઓફિસર, વી.બી.ડી.સી./આરોગ્યનો સ્ટાફ તેમજ NGOના પ્રતિનિધિઓની સંયુકત ટીમો બનાવી મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય તે વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છર જન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫,૨૪૬ | ૭૭,૦૬૯ | ૨૦૭ | ૧૧,૪૪૮ | ૭૫૫ | ૨,૧૯૭ | ૧૧૮ | ૩૭,૪૫૦ | ૬૪ | ૨૯,૭૮૩ | ૧૧,૬૭૮ |

વધુમા પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરના ઉતપતિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 1882
તા.૨૦/૦૩/૧૭
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

૧૮૮૩

"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬–૧૭"

## પ્રેસ નોટ

### સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં તા.૨૦/૦૩/૧૭ ના રોજ આકારણી અને વેરા વસુલાત વિભાગ દ્વારા રૂા.૧૫,૦૦,૦૦૦/– થી વધુની વેરા વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા વેરા વસુલાત ઝુંબેશ વેરા ભરપાઈ કરવામાં વિલંબ કરતા કરદાતાઓ સામે આકરા પગલા લેવામાં આવી રહયા છે.

વેરા વસુલાતની ઝુંબેશના ભાગરૂપે તા.૨૦/૦૩/૧૭ ના રોજ એમ.જી.ફ્રુટ માર્કેટ,સહારા દરવાજા તથા અનીલ ડાંઈગની પાછળ મોમનાની ચાલ ખાતે સઘન વેરા વસુલાત અભિયાન હાથ ધરવામાં આવેલ હતી. જેમાં લિંબાયત ઝોનના ઝોનલ ચીફશ્રી સી.વાય ભટ્ટ સાહેબના માર્ગદર્શન હેઠળ આસી.કમિશ્નરશ્રીમતી ગાયત્રીબેન.આર.જરીવાલા તથા આકારણી વિભાગ દ્વારા વેરા વસુલાત ઝુંબેશ કરવામાં આવેલ હતી.જેમાં આકારણી અને વેરા વસુલાત વિભાગ મારફત સ્થળ પર જ રૂ.૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ)ના રોકડમાં વેરા વસુલાત કરેલ હતી.તથા રૂા. ૨,૦૦,૦૦૦/– (એંક રૂપિયા બે લાખ) ના એડવાન્સ ચેક દ્વારા વેરા વસુલાત કરવામાં આવેલ હતી. આમ તા.૨૦/૦૩/૨૦૧૭ના રોજ કુલ રૂા.૧૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પંદર લાખ પુરા) સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા વેરા વસુલાત કરવામાં આવેલ છે.

વેરા વસુલાત ઝુંબેશની અંદર એમ.જી.ફ્રુટ માર્કેટમાં વ્યસાયકારોએ ખુબ જ સારો સહકાર આપી. કામગીરીને સરળ બનાવી મદદરૂપ બન્યા હતા. સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ખાતે આવેલ તમામ બાકીદારો સામે આવનાર દિવસોમાં સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. હવે પછી બાકીદારો સામે નિયમ અનુસારની તમામ કાર્યવાહી પૂર્ણ કરી, જો બાકી વેરા ભરવામાં સહકાર આપવામાં ન આવશે તો મિલ્કતોને સીલ મારવાની કામગીરી પણ હાથ ધરવામાં આવેલ છે. આથી તમામ બાકી કરદાતાઓને તાત્કાલિક વેરો ભરી સુરત શહેરના વિકાસમાં સહભાગી થવા અપીલ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નંબર 1883
તા. 20/03/17

"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬–૧૭"

# પ્રે સ નો ટ

**વિષય** : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૧૭ થી ૧૯–૦૩–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ઋતુને ધ્યાને ઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૧૨૦ લારીઓ ચેક કરી, સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૫૦૫ કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાધ પદાર્થોનું ૬૫૨ સ્થળે ચેકીંગ કર્યુ, જે પૈકી ૨૨૪ સંસ્થાઓને નોટીસ આપી તથા ૨૨ સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાધ પદાર્થ વેચતી સંસ્થાઓ ૧૪૯ ચેકી કરી જે પૈકી ૪૬ સંસ્થાઓને નોટીસ આપી. દુધની ડેરી– ૯૦ ચેકી કરી જે પૈકી ૩૦ સંસ્થાઓને નોટીસ આપી તથા ૪ સંસ્થાઓને બંધ કરાવેલ હતી. બરફની ફેકટરી કુલ ૧૯ સંસ્થા ચેક કરી તે પૈકી ૧૭ સંસ્થાઓને નોટીસ આપી તથા ૧ સંસ્થાઓને બંધ કરાવેલ હતી. બરફનું વેચાણ કરનાર સંસ્થા ૨૬ ચેક કરી જે પૈકી ૬ સંસ્થાઓને નોટીસ આપી તથા ૧ સંસ્થાને બંધ કરાવેલ હતી.

::::::::::::::::::::::::

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 1884 તા: ૨૦–૦૩–૨૦૧૭

૧૮૮૫

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી ''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત તા.૨૨/૦૩/૧૭ના રોજ ''વર્લ્ડ વોટર ડે'' હોવાને કારણે તા.૧૬/૦૩/૧૭ થી તા.૩૧/૦૩/૧૭ દરમ્યાનનદી–તળાવ, કિનારા, નહેર અને ખાડીની સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૨૦/૦૩/૧૭ના રોજ ગાર્ડન/આરોગ્ય/ઈજનેર તથા NGOના પ્રતિનિધિઓની સંયુકત ટીમ બનાવીસુરત શહેરને હરિયાળું બનાવવા અને પર્યાવરણની જાળવણી માટે નદી–તળાવ કિનારે વૃક્ષો ઉછેરવા, વૃક્ષોને રક્ષણ આપવું અને વૃક્ષો સુંદર લાગે તે રીતે વ્યવસ્થિત રીતે ગેરૂ–ચુનો કરવાની કામગીરી આ ટીમો દ્વારાકરવામાં આવી હતી. વધુમાં ગાર્ડન વિભાગ દ્વારા નદી–તળાવ કિનારે જેવા કે અઠવાઝોન દ્વારા સિધ્ધરાજજયશ્રી ગાર્ડન તથા રાંદેરઝોન દ્વારા પાલનપુર ગામ તળાવની આજુબાજુ નવા વૃક્ષો રોપવાની કામગીરી કરવામાં આવી હતી. તેમજ વૃક્ષોના રક્ષણ માટે દરેક છોડ ઉપર ટ્રી ગાર્ડલગાડવામાં આવ્યા હતા.ત્યાર બાદ જુના વૃક્ષોને સુંદર દેખાવ માટે ગેરૂ–ચુનો કરવાની કામગીરી કરવામાં આવી હતી.

| ઉછેરવામાં આવેલ વૃક્ષોની સંખ્યા | ગેરૂ–ચુનો કરવામાં આવેલ વૃક્ષોની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા |
|---|---|---|---|
| ૨૬૯ | ૮૩ | ૧૪ | ૬૫ |

**''સ્વચ્છ ભારત મિશન''**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૮૮૬

# **<u>પ્રેસનોટ</u>**

સુરતઃ—સ્વચ્છ ભારત મિશન અંતર્ગત માનનીય કમિશનરશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ ઝોનમાં આજરોજ તા.૨૦/૦૩/૨૦૧૭ સવારે ૯.૦૦ થી બપોરે ૨.૦૦ દરમ્યાન મિઠીખાડી વોર્ડમાં નિલગીરી સર્કલથી મિઠીખાડી બ્રિજ સુધીના વિસ્તારમાં આરોગ્ય, ઈજનેરી, ગુમાસ્તા, દબાણ વિભાગ, વી.બી.ડી.સી. વિભાગ તથા આકાણરી વિભાગ દ્વારા સંકલિત સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું.

સદર કામગીરી ડે.કમિશનરશ્રી સી.વાય.ભટ્ટના સીધા માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેર આશિષ દુબે, નાયબ આરોગ્ય અધિકારી, ડે.ઈજનેર—**<u>૦૧</u>**, આસી.જંતુનાશક અધિકારી, મુખ્ય આરોગ્ય નિરીક્ષક—**<u>૦૧</u>**, આરોગ્ય નિરીક્ષક/મદદનીશ આરોગ્ય નિરીક્ષક —**<u>૦૫</u>** અને **<u>૫૬</u>** સફાઈ કામદાર/ બેલદાર દ્વારા સ્વચ્છ ભારત મિશન હેઠળ કામગીરી કરવામાં આવેલ હતી.

જેમાં સદર વિસ્તારમાં રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ (રેતી, કપચી, ઈંટ,) તેમજ કચરો અને કચરા મિશ્રિત માટી કુલઃ— **<u>૨.૦૦ મેટ્રિક ટન</u>** નિકાલ કરાવવામાં આવ્યો હતો. વોર્ડ દ્વારા ૩<u>૦</u> પાણીના સેમ્પલ ચેક કરવામાં આવેલ છે. વેજીટેલ ચેક કરી **<u>૧૫ કિ.ગ્રા.</u>** શાકભાજી તેમજ ફળફળાદી નાશ કરવામાં આવેલ, તેમજ ૧૦૦ મી.ની ત્રીજયામાં આવેલ તમાકુંની બનાવટના વેચાણ કરતા પાસે **<u>૩.૫ ક્રિ.ગ્રા.</u>** પ્લાસ્ટીક જપ્ત કરવામાં આવેલ, **<u>૦૫</u>** હોટલ રેસ્ટોરન્ટ ચેક કરી **<u>૧.૨૦૦</u>** કિ.ગ્રા.અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ છે. ડ્રેનેજના મેન હોલની, સ્ટ્રોમ વોટર ડ્રેઈનના **<u>૦૪</u>** ઈનલેટ ચેમ્બરની ડીસીલ્ટીંગ કામગીરી કરવામાં આવી હતી. વેબસાઈટ, હેલ્પ લાઈન અને મોબાઈલ દ્વારા અગાઉ મળેલ સફાઈ, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ પોલની મળેલ ફરિયાદનો નિકાલ કરાવવામાં આવેલ હોય, તેનું ક્રોસ ચેંકીગ કરવામાં આવ્યું હતું. દબાણ ખાતા દ્વારા **<u>૦૪</u>** લાકડાના દરવાજા, ૦૫ સળીયાની લારી, ૦૪ પાણીની ટાંકી, ૦૫ બોર્ડ અને ૦૫ નાના/મોટા કબાટનું દબાણ દુર કરવામાં આવેલ છે. તેમજ ૧૨ ઈસમો પાસેથી રૂા.૪૫૦૦/— નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. તેમજ આરોગ્ય વિભાગ દ્વારા ન્યુસન્સ કરતી સંસ્થાઓને **<u>૦૩</u>** નોટીસ આપી **<u>૧૦</u>** ઈસમો પાસેથી **<u>રૂા.૩૮૦૦/—</u>** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **આકારણી વિભાગ દ્વારા <u>રૂા.૧૫,૦૦૦/—</u> વેરા વસુલાત કામગીરી કરવામાં આવેલ છે.**

આ કામગીરી દરમ્યાન ડોર ટુ ડોર ગાડીઓમાં કચરો આપવા માટે તથા મચ્છર ઉત્પતિ સ્થાન અને મચ્છરથી થતા મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનિયા રોગો અટકાવવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણનું જન—જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. **વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ઉપરોકત સ્થળના— <u>૭૨૮</u> ઘરોમાં સર્વે કરી મળેલ <u>૧૧</u> બ્રિડીંગોનો નાશ કરેલ તેમજ <u>૦૩</u> નોટીસ આપી તથા <u>૨૧</u> નકામા કન્ટેનરોનો નિકાલ કરાવી <u>૦૩</u> ઈસમો પાસેથી <u>રૂા.૧૪૫૦/—</u> નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.**

૧૮૮૭

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૨૨/૦૩/૧૭ના રોજ "વર્લ્ડ વોટર ડે" હોવાને કારણે તા.૧૬/૦૩/૧૭ થી તા.૩૧/૦૩/૧૭ દરમ્યાનનદી–તળાવ, કિનારા, નહેર અને ખાડીની સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૨૦/૦૩/૧૭ના રોજ ગાર્ડન/આરોગ્ય/ઈજનેર તથા NGOના પ્રતિનિધિઓની સંયુકત ટીમ બનાવીસુરત શહેરને હરિયાળું બનાવવા અને પર્યાવરણની જાળવણી માટે નદી–તળાવ કિનારે વૃક્ષો ઉછેરવા, વૃક્ષોને રક્ષણ આપવું અને વૃક્ષો સુંદર લાગે તે રીતે વ્યવસ્થિત રીતે ગેરૂ–ચુનો કરવાની કામગીરી આ ટીમો દ્વારાકરવામાં આવી હતી. વધુમાં ગાર્ડન વિભાગ દ્વારા નદી–તળાવ કિનારે જેવા કે અઠવાઝોન દ્વારા સિધ્ધરાજજયશ્રી ગાર્ડન તથા રાંદેરઝોન દ્વારા પાલનપુર ગામ તળાવની આજુબાજુ  નવા વૃક્ષો રોપવાની કામગીરી કરવામાં આવી હતી. તેમજ વૃક્ષોના રક્ષણ માટે દરેક છોડ ઉપર ટ્રી ગાર્ડલગાડવામાં આવ્યા હતા.ત્યાર બાદ જુના વૃક્ષોને સુંદર દેખાવ માટે ગેરૂ–ચુનો કરવાની કામગીરી કરવામાં આવી હતી.

| ઉછેરવામાં આવેલ વૃક્ષોની સંખ્યા | ગેરૂ–ચુનો કરવામાં આવેલ વૃક્ષોની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા |
|---|---|---|---|
| ૨૬૯ | ૮૩ | ૧૪ | ૬૫ |

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૮૮૮

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

# <u>પ્રેસનોટ</u>

## <u>સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં તા.૨૦/૦૩/૨૦૧૭ના રોજ કરેલ કામગીરીની વિગત</u>

**તા.૨૦.૦૩.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૩ ફાઈલના **રૂા.૦૦.૦૬ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૦૮** લોકેશન (ખાડા) **૩૫૫.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૮ લોકેશન, **૨૩૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**.,** તથા સાઉથ ઝોન (ઉધના) માં પાંડેસરા જી.આઈ.ડી.સી. ખાતે બાલક્રિષ્ણા મીલ પાસેથી **૦૪** લારીઓનું દબાણ દુર કરવામાં આવેલ છે તથા સોસીયો સર્કલથી પિયુષ પોઈન્ટ તથા પિયુષ પોઈન્ટથી અલથાણ ખાડી સુધીના રસ્તા પરથી ૨૩ બોર્ડ તેમજ ૪ હોર્ડીગ્સનું દબાણ દુર કરવામાં આવેલ છે તથા **રૂા.૫૬,૮૦૦/–** વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૩**, પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/–** વસુલ કરવામાં આવેલ., તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૫૪** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૨૦** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૯૯.૫૩** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૦૮.૮૪** લાખ થયેલ છે., ૦૮ EC તથા ૦૯ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩,૮૬૯/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૯,૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.,** ૦૮ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૧** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૩** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૧૯૧.૩૨** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૩૨** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૩,૫૦૦/–** છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧,૧૧૪** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૬,૫૪૪** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૫૬** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૯૧૯** કરવામાં આવેલ છે. જયારે **૩૮** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૮૮૯

# :: પ્રેસનોટ ::

## "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે–નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ"

વિષય : અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા યોજાનાર "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે–નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ"

ગુજરાત રાજયની તમામ મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમો અને કમિશનરશ્રીની ટીમો વચ્ચેની અલગ અલગ ક્રિકેટ ટુર્નામેન્ટોનું પ્રતિ વર્ષ રોટેશન મુજબ આયોજન કરવામાં આવે છે. આ વર્ષે અમદાવાદ મહાનગર સેવા સદન દ્વારા ગુજરાત રાજયની આઠ મહાનગર સેવા સદનની મા.મેયરશ્રીની અને મા.કમિશ્નરશ્રીની ટીમો વચ્ચે "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે–નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ"નું આયોજન તા.૧૬/૦૩/૨૦૧૭ થી તા.૨૨/૦૩/૨૦૧૭ દરમ્યાન સરદાર પટેલ સ્ટેડિયમ, અમદાવાદ ખાતે થઈ રહયું છે.

આ ક્રિકેટ ટુર્નામેન્ટની પ્રથમ સેમી ફાઈનલ તા.૨૦/૦૩/૨૦૧૭ને સોમવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે સરદાર પટેલ સ્ટેડિયમ, અમદાવાદ ખાતે સુરત મહાનગરપાલિકાની કમિશનરશ્રીની ટીમ અને વડોદરા કમિશનરશ્રીની ટીમ વચ્ચે યોજાઈ હતી. વડોદરા મહાનગરપાલિકાની કમિશનર ઈલેવન ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કરી વડોદરા કમિશનર ટીમમાં કિશોર ચુનારાના ૬૭ રન અને શિવાગ ત્રિવેદીના ૩૩ રનની મદદથી નિર્ધારિત ૨૦ ઓવરમાં ૬ વિકેટના ભોગે ૧૭૬ રનનો જંગી સ્કોર કર્યો હતો. સુરત કમિશનર ટીમમાંથી નરેશ પરમાર દ્વારા ૩ વિકેટ અને દિનેશ પટેલ અને કિરીટ પટેલ એ ૧–૧ વિકેટ ઝડપી હતી. સુરત કમિશનર ટીમ દ્વારા આ જંગી સ્કોર નો જવાબ આપતા નરેશ પરમારના ૩૮ બોલમાં ૬૧ રન અને રાજેશ સોલકીના ૨૪ બોલમાં ૪૮ રનની તોફાની ઈનીગની મદદથી ૧૯મી ઓવરમાંજ ૧૭૯ રન બનાવી ૭ વિકેટથી આસાન વિજય મેળવી ફાયનલ મેચમાં પ્રવેશ મેળવ્યો હતો. રાજેશ સોલકીના ૩ સીકસર અને ૪ બાઉન્ડ્રીના સથવારે ૨૪ બોલમાં ૪૮ રનની તોફાની ઈનીગ બદલ મેન ઓફ ધ મેચ ઘોષિત કરવામાં આવ્યા હતા.

"ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે–નાઈટ ટુર્નામેન્ટની ફાયનલ મેચ તા. ૨૨–૦૩–૨૦૧૭ના રોજ સાંજે ૪–૦૦ કલાકે સરદાર પટેલ સ્ટેડિયમ, અમદાવાદ રમાશે. જેમાં આજરોજ રમાનાર અમદાવાદ અને ભાવનગર પૈકી વિજેતા ટીમ સાથે સુરત કમિશનર ટીમ રમશે. સુરત મહાનગરપાલિકાની કમિશનરશ્રીની ટીમ ને ફાઈનલ મેચમાં સફળતા માટે મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ.કમિશનરશ્રી એમ.થેન્નારસન,આઈ.એ.એસ., શાસક પક્ષ નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહએ શુભેચ્છા પાઠવેલ છે.

# <u>પ્રેસનોટ</u>
# પૂર્વ ઝોન (વરાછા)
# સુરત મહાનગરપાલિકા

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત તેમજ સુરત મહાનગરપાલિકાની સ્વર્ણિમ જયંતિ નિમિતે મા.મેયરશ્રી તથા મે.કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશાનુસાર પૂર્વઝોન(વરાછા) ખાતે તા.૨૧/૦૩/૨૦૧૭ ના રોજ, ૧.સીતાનગર ચોકડીથી પુણા વોર્ડ ઓફિસ ૨. પુણા વોર્ડ ઓફિસ થઈ દેવી દર્શન સોસયટી સુધી ૩.બુટભવાની થી નંદનવન થઈ નાલંદા સ્કુલ સુધી, ૪.ભગવતી ચોકથી કારગીલ ચોક થઈ નાલંદા સુધી ૫. કારગીલ ચોકથી બાલમુકુન્દ સુધી તથા ૬. પુણા વોર્ડ ઓફિસથી નાલંદા સ્કુલ સુધીના રોડ રસ્તા તથા આજુ બાજુના વિસ્તારમાં **મહા સફાઈ અભિયાન** તથા "ઈન્ટીગ્રેટેડ હેલ્થ– એન્જીનીયરીંગ " દ્વારા સંયુકત ગૃપ સફાઈ રાખવામાં આવેલ.

પૂર્વઝોન(વરાછા)ના આરોગ્ય, ઈજનેરી વી.બી.ડી.સી, ગુમાસ્તા,ગાર્ડન વિગેરે તમામ વિભાગોના તથા તમામ ઝોન માંથી કુલ ૦૬ ટીમ બનાવી કુલ ૨૦૦ કામદારો/બેલદારો/પ્રા.હે.વર્કર અને તેઓના સુપરવીઝન માટે ૪૦ અધિકારીઓ સહિત સુપરવિઝનના સ્ટાફ મારફતે ઘનિષ્ઠ સ્ક્રેપીંગ/બ્રશીંગ અને સાફ–સફાઈની કામગીરી કરાવવામાં આવેલ.

સદર કામગીરી દરમ્યાન ૨૧ મેટ્રીક ટન જેટલા માટી મિશ્રિત કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. ઉપરાંત પાણી વિભાગ દ્વારા ૧૦ ગંદા પાણીના નમુના લેવામાં આવેલ છે.પાણીના ૦૧ લીકેજ મળી આવેલ જે લીકેજ દુર કરવામાં આવેલ છે. તથા ડ્રેનેજ વિભાગ દ્વારા ૦૪ ડ્રેનેજ ઓવરફ્લોની ફરીયાદનો સ્પોટ પર નિકાલ કરવામાં આવેલ છે. ઉપરોકત જણાવેલ વિસ્તારમાં ઘનિષ્ઠ સફાઈ કરાવી ૩૦૦ કિ.ગ્રા. જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરાવેલ છે.

આરોગ્ય ખાતાના વી.બી.ડી.સી. વિભાગના દ્વારા કુલ ૨૨૩૨ ઘરોનું સર્વે કરી ૩૪૬૦ . સ્પોટનું ચેકીંગ કરી ૦૨ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.

સમગ્ર અભિયાન દરમિયાન કુલ ૩૫ ઈસમોને નોટીસ આપવાની તથા **રૂા.૨૬૧૦૦/**–(અંકે રૂપિયા છવીસ હજાર એકસો પૂરા) વહીવટી ખર્ચ વસુલ કરવાની કામગીરી કરાવવામાં આવેલ છે.

૧૮૯૧

# <u>પ્રેસનોટ</u>

<u>**વિષય**</u> : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૨૦–૦૩–૨૦૧૭ નાં રોજ ઉનાળાની ઋતુને ધ્યાનેઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૫૧ લારીઓ ચેક કરી, સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૪૧૩ કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાદ્ય પદાર્થોનું ૨૪૪ સ્થળે ચેકીગ કર્યુ, જે પૈકી ૮૨ સંસ્થાઓને નોટીસ આપી તથા ૯ સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાદ્ય પદાર્થ વેચતી સંસ્થાઓ ૭૨ ચેકી કરી જે પૈકી ૧૮ સંસ્થાઓને નોટીસ આપીતથા ૨સંસ્થાઓને બંધ કરાવેલ હતી. દુધની ડેરી– ૪૨ ચેકી કરી જે પૈકી ૨૧ સંસ્થાઓને નોટીસ આપીતથા ૩સંસ્થાઓને બંધ કરાવેલ હતી.બરફનું વેચાણ કરનાર સંસ્થા ૨૨ ચેક કરી જે પૈકી ૧૪ સંસ્થાઓને નોટીસ આપી તથા ૫ સંસ્થાને બંધ કરાવેલ હતી.

૧૮૯૨

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ તથા ડે.મ્યુ.કમિશ્નરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૦૩, નોંધ નં.૨૯૩૯/અ/૧/બ/૧/૨/બ ભરૂચાની વાડી, સલાબતપુરા વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતાં અત્રેથી મિલ્કતદારને તા.૨૧/૦૩/૨૦૧૭ ના રોજ એન્ટ્રી નોટીસ આપી ત્રીજા માળે આશરે ૯૭૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબનું તથા વોર્ડ નં. ૩, નોંધ નં.૧૧૭૧ થી ૧૧૭૪ વાળી મિલ્કતમાં પાર્કીગ વાળા ભાગમાં આશરે ૭૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ચણતર કામ સહિતનું ગેરકાયદેસર બાંધકામ આજે તા.૨૧/૦૩/૨૦૧૭ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જ પેટે અનુક્રમે રૂા. ૭૫,૦૦૦/– તથા રૂા. ૨૫,૦૦૦/– મળીને કુલ રૂા.૧,૦૦,૦૦૦/– વસૂલ લેવામાં આવેલ છે.

૧૮૯૩

# પ્રેસનોટ

## નોર્થઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

મા.કમિશ્નરશ્રી નાં આદેશ અનુસાર જુદાં–જુદાં ઝોનમાં સૌ પ્રથમ કોઈ પણ એક રોડ પર પાર્કીગનાં પ્રશ્ન હોય તેવા રોડને પાર્કીગ ફ્રી રોડ ડેવલોપ કરવા જણાવેલ, જેના ભાગરૂપ નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં આજરોજ (તા.૨૧/૦૩/૨૦૧૭) વેડરોડ ઉપર સિંગણપોર ચાર રસ્તા થી પ્રાણનાથ હોસ્પિટલ સુધી રસ્તાની એકબાજુ આશરે ૧.૫ કિલોમીટર ની લંબાઈમાં તથા ૪.૫મી. પહોળાઈમાં આશરે ૭૫૦૦૦ ચો.ફુટ રસ્તાને લાગુ જગ્યામાં આવેલ ૧૫૦ દુકાનો ની આગળનાં માર્જીનવાળા ભાગમાં પતરાંનાં શેડ બનાવી તેનો કોર્મશીયલ ઉપયોગ થતો હોવાનું તથા તેના કારણે રસ્તા ઉપર પાર્કીગ થવાને કારણે સદર વિસ્તાર ટ્રાફીક જામની ખુબ ગંભીર સમસ્યાનો સામનો કરી રહેલ હતો. જેની ગંભીરતા ને ધ્યાને લઈ સદર તમામ માર્જીનમાં પતરાં નાં શેડ બનાવી કોર્મશીયલ ઉપયોગ થતો હતો તે દુર કરી આગળ નું માર્જીન રોડ લેવલ કરી દેતાં તથા તમામ દુકાનદાર તે સદર જગ્યા પાર્કીગ માટે અનામત રાખવાનું જણાવાતાં સદર ટ્રાફીક જામ ની ગંભીર સમસ્યાનો ઉકેલ આવશે.

સદર કામગીરી ડે.કમિશ્નરશ્રી કેતન પટેલ તથા કાર્યપાલક ઈજનેરશ્રી સી.બી.વસાવા નાં સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતુ, દબાણ સ્ટાફ, સીકયુરીટી સ્ટાફ સાથે શરૂ કરવામાં આવેલ છે.

૧૮૯૪

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા બી.આર.ટી.એસ.ફેઝ–૨ એક્ષટેન્શન અન્વયે રેલ્વે સ્ટેશનથી વાલક સુધીના બી.આર.ટી.કોરીડોર ઉપર બી.આર.ટી.એસ.બસ સેવા શરૂ કરવામાં આવેલ છે.જે અન્વયે બી.આર.ટી.એસ.પ્રોજેક્ટ વિભાગ ધ્વારા ટિકિટ કેબીન તૈયાર કરવામાં આવેલ છે.જેનુ લોકાર્પણ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના વરદ્દહસ્તે તા.૨૨/૦૩/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે સુરત રેલ્વે સ્ટેશન નજીક,સીટી બસ સ્ટેન્ડ ખાતે રાખવામાં આવેલ છે.જેમાં હાજર રહેવા વિનંતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદીઃ– 1894
તા.૨૧/૦૩/૨૦૧૭

૧૮૯૫

તા.૨૨/૦૩/૧૭ના રોજ દરેક ઝોનમાં આરોગ્ય/ઈજનેર વિભાગની ટીમ તાપી સેલ, શહેરના ચુટાયેલા પ્રતિનિધિઓ, NGO તેમજ નગરજનોની સંયુકત ટીમ બનાવી શહેર ઝોનવિસ્તારમાં આવેલ તમામ નદી/તળાવ/ઓવારાની સફાઈ ઝુંબેશ.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૨૨/૦૩/૧૭ના રોજ "વર્લ્ડ વોટર ડે" હોવાને કારણે તા.૧૬/૦૩/૧૭ થી તા.૩૧/૦૩/૧૭ દરમ્યાનનદી/તળાવ/ઓવારાના કિનારા, નહેર અને ખાડીની સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૨૨/૦૩/૧૭ના રોજ દરેક ઝોનમાં આરોગ્ય/ઈજનેર વિભાગની ટીમ તાપી સેલ, શહેરના ચુટાયેલા પ્રતિનિધિઓ, NGO તેમજ નગરજનોની સંયુકત ટીમ બનાવી શહેર ઝોનવિસ્તારમાં આવેલ તમામ નદી/તળાવ/ઓવારા પૈકીના નીચે જણાવ્યા મુજબ કિનારાની ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવ્યા બાદ કચરો કચરા મિશ્રીત માટીના ઢગલા ઉપડાવી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

| ઓવારાની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા | NGOની સંખ્યા | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|
| ૧૮ | ૨૬ | ૧૪૬ | ૫ | ૩.૫૪૦ | ૩૪૦ |

વધુમાં હાજર રહેલ તમામ સભ્યોને શહેરમાં સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપ્યા બાદ સ્વચ્છતાનાં શપથ લેવડાવામાં આવ્યા હતા.

૧૮૯૬

**તા.૨૨/૦૩/૨૦૧૭**

# <u>પ્રેસ નોટ</u>

**મ્યુનિ. કમિશનરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન – આકારણી અને વસુલાત વિભાગ દ્વારા રાંદેર, પાલ, પાલનપુર, અડાજણ, જહાંગીરાબાદ વિગેરે વિસ્તારમાં સઘન ઝુંબેશ હાથ ધરી વેરો ભરપાઈ નહી કરનાર મિલકતોને સીલ કરવાની અને મિલ્કતો ટાંચમાં લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે અંતર્ગત આજરોજ રામનગર પાછળ સન ટ્રેડ સેન્ટર ખાતે ૮૯ કોમર્શીયલ મિલ્કતોને સીલની કાર્યવાહી હાથ ધરતા ૮ જેટલી મિલ્કતની વેરા વસુલાત થયેલ જ્યારે ૮૧ મિલ્કતોને સીલ કરવામાં આવેલ ઉપરાંત પાલ વિસ્તારમાં મરૂધર રેસીડન્સી ખાતે ૩૬ રેસી. ફલેટોને સીલ કરતાં ૧૦ ફલેટની વસુલાત થયેલ જ્યારે ૨૬ ફલેટ સીલ કરવામાં આવેલ છે. તેમજ પાલ વિસ્તારમાં અવધપુરી સોસાયટી, સંસ્કૃતિ ટાઉનશીપ વિગેરે વિસ્તારમાં ૨૪ પ્લોટ તથા વરીયાવ ખાતે ૮૮ પ્લોટ ટાંચમાં લઈ બોર્ડ પ્રદર્શિત કરવામાં આવેલ છે. જે પૈકી ૧૫ પ્લોટની રૂા.૯૫,૦૦૦/– ની વસુલાત થયેલ છે.**

**રાંદેર ઝોનના આકારણી અને વસુલાત ધ્વારા છેલ્લા ૧૦ દિવસમાં અંદાજીત ૨૬૦ મિલ્કતો અંગે સીલની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ તેમજ ૧૮૩૧ જેટલી મિલ્કતોને અંતિમ નોટીસ પાઠવવામાં આવેલ જેના અંદાજીત રૂા.૪૯,૦૦,૦૦૦/–ની બાકી રકમ પૈકી રૂા.૧૬,૦૦,૦૦૦/– જેટલી વસુલાત થયેલ. આજ રીતે ખુલ્લા પ્લોટોના રૂા.૧૬,૫૦,૦૦૦/– જેટલી બાકી રકમ પૈકી રૂા.૨,૩૦,૦૦૦/– જેટલી વસુલાત થયેલ છે. વિભાગ ધ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં રાંદેરઝોન ખાતે છેલ્લા ૧૦ દિવસમાં રૂપિયા ૧ કરોડ વસુલાત થયેલ અને ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન તા.૨૧/૦૩/૨૦૧૭ સુધીમાં રૂપિયા કુલ ૬૧ કરોડ જેટલી વસુલાત થયેલ છે. હજુ પણ મિલ્કત વેરો / વ્યવસાય વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલ્કતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી બાકી દારોએ તેઓના બાકી મિલ્કત વેરા તાકીદે ભરપાઈ કરવા જણાવવામાં આવેલ છે.**

૧૮૯૭

# સાઉથઝોન(ઉધના)

# સુરત મહાનગરપાલિકા

# <u>પ્રેસનોટ</u>

## <u>સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં તા.૨૨/૦૩/૨૦૧૭ના રોજ કરેલ કામગીરીની વિગત</u>

**તા.૨૨.૦૩.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૩ ફાઈલના **રૂા.૦૦.૩૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૦૮ લોકેશન (ખાડા) ૩૪૫.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૨૪.૨૯** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–**૦૪** લોકેશન (ખાડા) ૧૯૦.૦૦ **ચો.મી.**મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૮ લોકેશન, **૧૭૧૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૬૩(વડોદ) માં ૨૪.૦૦ મી.પહોળાઈમાં ટી.પી.રોડમાં નડતરરૂપ ઘનશ્યામનગર, શિવનગર અને સત્ય નારાયણનગરના અંદાજિત **૪૫** જેટલા કાચા પાકા મકાનો દુર કરી આશરે ૬૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારની રસ્તા પૈકીની જગ્યા ખુલ્લી કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ ૦૪, પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ કરવામાં આવેલ., તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦૦ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૭૯** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૪૯.૭૮** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૦૫.૨૨** લાખ થયેલ છે., **૧૫** EC તથા **૧૬** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩,૮૩૮**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૫,૨૦૦**/– વસુલ લેવામાં આવેલ છે., **૮૯** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૯** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૪** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૦** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૪૭.૬૭** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૫૦** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૪,૩૦૦**/– છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨,૫૧૪** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૮,૯૨૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૮૫** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૯૦૪** કરવામાં આવેલ છે. જયારે **૩૧** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૫૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

## —: પ્રેસનોટ :—

૧૮૯૮

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૨/૦૩/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન દુર કરવાની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૬૩(વડોદ) માં ૨૪.૦૦ મી.પહોળાઈમાં ટી.પી.રોડમાં નડતરરૂપ ઘનશ્યામ નગર, શિવ નગર અને સત્યનારાયણ નગરના અંદાજિત ૪૫ જેટલા કાચા પાકા મકાનો દુર કરી આશરે ૬૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારની રસ્તા પૈકીની જગ્યા ખુલ્લી કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૮૯૯

# :: પ્રેસનોટ ::

**વિષય : સુરત મહાનગરપાલિકાની સ્વર્ણિમ જયંતિ સમાપનના ભાગ રૂપે સ્વર્ણિમ સપ્તાહ દરમ્યાન યોજાનાર કાર્યક્રમો અંતર્ગત રજુ થનાર નાટકોની હારમાળા**

સુરત મહાનગરપાલિકાની સ્વર્ણિમ જયંતિ સમાપનના ભાગ રૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૩/૨૦૧૭ થી તા.૩૧/૦૩/૨૦૧૭ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૨૭ થી ૩૧ માર્ચ ૨૦૧૭ દરમ્યાન સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૪મી નાટ્ય સ્પર્ધાના વિજેતા નાટકોનું આયોજન ગાંધી સ્મૃતિ ભવન, સરદાર પટેલ સ્મૃતિ ભવન અને સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

**:: તા.૨૭ થી ૩૧ માર્ચ ૨૦૧૭ દરમ્યાન યોજાનાર નાટકો ::**

| તારીખ અને સમય | નાટ્ય સંસ્થા | નાટક | દિગ્દર્શક | સ્થળ |
|---|---|---|---|---|
| ૨૭/૦૩/૨૦૧૭ રાત્રે ૮.૩૦ કલાકે | આર્ટિઝમ થિયેટર | દેવદાસિની | શ્રી ગીરીશ સોલંકી | સંજીવકુમાર ઓડિટોરીયમ, રાજહંસ સિનેમા પાસે, પાલ, અડાજણ, સુરત |
| ૨૮/૦૩/૨૦૧૭ રાત્રે ૮.૩૦ કલાકે | પરમ | તા.૭ મે, મંગળવાર | ડો.પદ્મેશ પંડિત | સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા, સુરત |
| ૨૯/૦૩/૨૦૧૭ રાત્રે ૮.૩૦ કલાકે | સ્વરમ્ એન્ટરટેઈનર | સરિતા | શ્રી પંકજ પાઠકજી | સંજીવકુમાર ઓડિટોરીયમ, રાજહંસ સિનેમા પાસે, પાલ, અડાજણ, સુરત |
| ૩૦/૦૩/૨૦૧૭ રાત્રે ૮.૩૦ કલાકે | દિપ આર્ટસ | કથા | શ્રી ગીત દીક્ષિત | ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત |
| ૩૧/૦૩/૨૦૧૭ રાત્રે ૮.૩૦ કલાકે | રાજગૃપ થિયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટ | અંજી | શ્રી રાજેશ આર. પાન્ડેય | સંજીવકુમાર ઓડિટોરીયમ, રાજહંસ સિનેમા પાસે, પાલ, અડાજણ, સુરત |

આ નાટ્ય કાર્યક્રમ વિનામૂલ્યે આમંત્રિતો માટે રાખવામાં આવેલ છે. પ્રવેશ તથા બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, ગાંધી સ્મૃતિ ભવન, સરદાર પટેલ સ્મૃતિ ભવન અને સંજીવકુમાર ઓડિટોરીયમના તખ્તે રજુ થનાર આ નાટકોને માણવા નિમંત્રિતોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.

"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬–૧૭"

## સુરત મહાનગરપાલિકા
## સ્લમ અપગ્રેડેશન વિભાગ
## અખબાર યાદી

કેન્દ્ર સરકારશ્રી દ્વારા ઘર વિહોણાઓને ૨૦૨૨ સુધીમાં પોષણક્ષમ ભાવે સુવિધા યુકત આવાસો મળી રહે તેવા ઉમદા હેતુસર 'હાઉસીગ ફોર ઓલ–૨૦૨૨' અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મકાનોની જરૂરીયાત સંદર્ભે જરૂરી ડીમાન્ડ સર્વે માટેનું ફોર્મ કેન્દ્ર સરકારશ્રીની વેબસાઈટ https://registration.csc.gov.in/pmay પર ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જે ફોર્મ લોકો જાતે પણ ઓનલાઈન ભરી શકે છે તેમજ સુરત શહેરમાં વિવિધ સ્થળોએ પણ જાહેર જનતા પાસેથી ડિમાન્ડ અંગેના ઓનલાઈન ફોર્મ ભરવા CSC(કોમન સર્વિસ સેન્ટર )સેન્ટરો તૈયાર કરવામાં આવેલ છે. જે પેટે માત્ર અને માત્ર ૨૫ રૂા. + સર્વિસ ટેક્ષની ફી લેવાનું કેન્દ્ર સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવેલ છે. જયાંથી પણ ડિમાન્ડ એસેસમેન્ટ માટેનું રજીસ્ટ્રેશન કરાવી શકાય છે. આ સર્વે મારફત સરકારશ્રી ઘરવિહોણા જરૂરીયાતમંદ લોકો પાસેથી બાંધવામાં આવનાર આવાસોની ડીમાન્ડ જાણવા માટે માત્ર માહિતી એકત્રિત કરે છે. તેમજ ડીમાન્ડ સર્વેનું ફોર્મ ઓનલાઈન ભરવાથી આવાસ મળવાની માન્યતા તદન ખોટી છે, જેથી લોકોએ આવાસ મળી જશે તેવી લાલચમાં કોઈ લેભાગુ તત્વોની વાતોમાં આવી જઈને છેતરાવું નહિ. તે બાબતે સુરત મહાનગરપાલિકા, સુરત શહેરના લોકોને અનુરોધ કરે છે.

જનસંપર્ક વિભાગ
[illegible] તરફથી સાદર
[illegible] 1900
તા. 22-03-2017

૧૯૦૧

# સુરત મહાનગરપાલિકા
## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)
## <u>પ્રેસનોટ</u>

**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં તા.૨૧/૦૩/૨૦૧૭ ના રોજ ગેરકાયદેસર વીજજોડાણ દુર કરવાની કામગીરીની વિગત**

(૧) ટી.પી.સ્કીમ નં.૭(આંજણા)વિસ્તારમાં માનદરવાજા ફાયર સ્ટેશનના પાછળના ભાગે આંબેડકર ભવનની બાજુમાં બનાવવામાં આવેલ વેજીટેબલ માર્કેટની બહારના ભાગે બેસતા શાકભાજીની લારીઓ વાળા દવારા તા.૨૧/૦૩/૨૦૧૭ના રોજ મનપાના તથા સ્ટ્રીટલાઈટના મેઈન્ટેનન્સના કોન્ટ્રાકટર ના સ્ટાફ સાથે સંયુકત તપાસ કરી મહાનગર પાલિકાના વીજમીટરમાંથી વીજચોરી કરતા ઈસ્મોને રંગેહાથ પકડી પાડવામાં આવેલ અને વાયર, લેમ્પ, સ્વીચ બોર્ડ વિગેરે ઈલેકટ્રીક માલસામાન જપ્ત કરવામાં આવેલ તથા વીજચોરી કરતા ઈસ્મો સામે શિક્ષાત્મ પગલા ભરવા અર્થે તા.૨૨/૦૩/૨૦૧૭ના રોજ ખટોદરા પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ફરીયાદ કરવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ લાઈટ વિભાગ તથા લાઈટ વિભાગના સ્ટ્રીટલાઈટના મેઈન્ટેનન્સના કોન્ટ્રાકટર ના સ્ટાફ સાથે સંયુકત રીતે કામગીરી કરવામાં આવેલ છે.

૧૯૦૨

# પ્રેસનોટ

## હાઈડ્રોલિક વિભાગ

## તા.૨૨-૦૩-૨૦૧૭ – વિશ્વ જળ દિવસ

## "જળ સંચય / પાણી બચાવો બાબતમાં સ્ત્રીઓની ભૂમિકા"

તા.૨૨-૦૩-૨૦૧૭ નાં રોજ વિશ્વભરમાં "વિશ્વ જળ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે જે અન્યવે, સુરત શહેરમાં પણ શહેરીજનોમાં અને તેમાં પણ ખાસ કરીને સ્ત્રીઓની ભૂમિકા જળ સંચય પ્રત્યે ખુબ જ અગત્યની હોય, જળ સંચય બાબતમાં મહિલાઓને સાંકળી લેતો પ્રોગ્રામ સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા ખાતે બપોરે ૩.૦૦ કલાકે આયોજિત કરવામાં આવેલ. આ કાર્યક્રમના મુખ્ય અતિથિવિશેષ તરીકે માં.મેયરશ્રી – અસ્મિતાબેન શિરોયા દ્વારા હાજરી આપી હતી. ઉપરાંત, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી – શ્રી રાજેશભાઈ દેસાઈ, પાણી સમિતિ ચેરમેનશ્રી તથા અન્ય વિવિધ કમિટીના સભ્યશ્રીઓ દ્વારા હાજરી આપવામાં આવેલ. વધુમાં, વિષય આધારિત વિવિધ સ્પીકર્સ તરીકે એસ.વી.એન.આઈ.ટી. કોલેજના પ્રાધ્યાપક – ડો.નમ્રતા જરીવાલા, જગદીશભાઈ જોશી, સામાજિક કાર્યકર્તા – શ્રી યઝદી કરંજીયા, રેઇન વોટર હાર્વેસ્ટિંગ વિષય આધારિત તજજ્ઞો વિગેરે હાજર રહેલ.

કાર્યક્રમના ઉદ્દેશ અનુસાર  ઘરે ઘરે જળ સંચય અંગે જાગૃત ફેલાય તથા વિવિધ ઉપાયો કે જેના દ્વારા જળ સંચય થઇ શકે તેવી બાબતો ઉપર ચર્ચા કરવામાં આવેલ.

ઉક્ત કાર્યક્રમમાં હાજરી આપનાર સૌથી મહત્વના શ્રોતાગણ તરીકે શહેરની વિવિધ સંસ્થાઓ જેવી કે, સ્વામિનારાયણ ગુરૂકુળ, સદભાવના મહિલા કલ્યાણ ટ્રસ્ટ, માનવ ધર્મ સંસ્થા, નારી ઉન્નતી મહિલા મંડળ, શાંતિ ઉત્કર્ષ મહિલા મંડળ વિગેરે મળીને ૧૧૦૦ થી પણ વધુ સંખ્યામાં હાજરી આપવામાં આવેલ.

કાર્યક્રમના અંતમાં હાજરી આપનાર તમામ મહાનુભાવો, શ્રોતાગણ વિગેરે દ્વારા પાણી બચત અન્વયે પ્રતિજ્ઞા લેવામાં આવેલ.

૧૯૦૩

# પ્રેસનોટ

BRTS વિભાગ

**સુરત મહાનગરપાલિકા**

**વિષય– બી.આર.ટી.એસ.બસ સેવા માટે ટિકિટ કેબીનનું લોકાર્પણ.**

**સુરત મહાનગરપાલિકા દ્વારા બી.આર.ટી.એસ.ફેઝ–૨ એક્ષટેન્શન અન્વયે રેલ્વે સ્ટેશનથી વાલક સુધીના બી.આર.ટી.કોરીડોર ઉપર બી.આર.ટી.એસ.બસ સેવા શરૂ કરવામાં આવેલ છે.જે અન્વયે બી.આર.ટી.એસ.પ્રોજેકટ વિભાગ ધ્વારા ટિકિટ કેબીન તૈયાર કરવામાં આવેલ છે.જેનુ લોકાર્પણ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના વરદ્હસ્તે તા.૨૨/૦૩/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે સુરત રેલ્વે સ્ટેશન નજીક,સીટી બસ સ્ટેન્ડ ખાતે કરવામાં આવેલ છે.જેમાં માન. શાસકપક્ષ નેતાશ્રી ગિરજાશંકર મિશ્રા, જાહેરપરિવહન પ્રવૃતિ સમિતિ ના માન. અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, માન. ડે. કમિશનરશ્રી (ડે.) નાગરાજન એમ., માન. ડે. કમિશનરશ્રી રાજેશભાઈ પંડયા, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીઓ ,કર્મચારીઓ ,પ્રેસ, મીડીયા તથા ખુબ મોટી સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.**





*૧૯૦૪*

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

# <u>પ્રેસનોટ</u>

### <u>સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં તા.૨૩/૦૩/૨૦૧૭ના રોજ કરેલ કામગીરીની વિગત</u>

**તા.૨૩.૦૩.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૧** ફાઈલના **રૂા.૦૦.૦૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૦૮ **લોકેશન (ખાડા) ૪૩૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૨૫.૯૫** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–૦૨ લોકેશન (ખાડા) **૧૬૦.૦૦ ચો.મી.**મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૭ લોકેશન, **૧૯૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૨(ઉધના) ફા.પ્લોટ નં. ૫૬ ભરતનગર સોસાયટીના પ્લોટ નં. ૨૮ માંથી આશરે **૬૦ ચો.મી**. માપ વિસ્તારમાંથી આર.સી.સી. સ્લેબ બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના) માં બમરોલી ૧૨૦ ફુટ રોડ અને વિજયાનગર સોનલ ઈન્ડસ્ટ્રીઝ રોડ પાસેથી ૦૯ લારી તેમજ ગલ્લાઓનું દબાણ દુર કરવામાં આવેલ છે તથા **રૂા.૨૦,૬૦૦/**– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૪**, પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૧૩,૦૦૦/**– વસુલ કરવામાં આવેલ., તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૯૨** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૩૪** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૨.૯૧** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૦૫.૨૨** લાખ થયેલ છે., ૦૭ EC તથા ૦૨ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૨,૩૯૫/**– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૦૦૦/**– વસુલ લેવામાં આવેલ છે**.**, **૬૬** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૭૫** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૭** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૪** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૬૧.૭૯** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૬૩** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૭,૧૦૦/**– છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧,૩૪૫** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૬,૦૬૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૬૩** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૭૭૭** કરવામાં આવેલ છે. જયારે **૩૮** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૧૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.

૧૯૦૫

# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાની તમામ કચેરીઓ તથા શાળા બોર્ડની કચેરીમાં તા.૨૯/૦૩/૨૦૧૭ ને બુધવારના રોજ જાહેર રજા જાહેર કરવામાં આવે છે. તેના બદલામાં તા.૨૮/૦૩/૨૦૧૭ ને મંગળવારને રોજ આ તમામ કચેરીઓ ચાલુ રાખવામાં આવી છે.

આ રજાના સમય દરમ્યાન ખાસ આવશ્યક સેવાઓ જેવી કે, પાણી વિભાગ, ડ્રેનેજ વિભાગ, સેનીટેશન વિભાગ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ તથા વોચ એન્ડ વોર્ડ વિભાગ જેવા વિભાગોની કામગીરી ચાલુ રહેશે.જયારે અન્ય ખાતા/વિભાગોનુ કામકાજ સંપૂર્ણ બંધ રહેશે.

વધુમાં તા.૨૮/૦૩/૨૦૧૭ ને મંગળવારના રોજ સુરત મહાનગરપાલિકાની તથા શાળા બોર્ડની કચેરી રાબેતા મુજબ ચાલુ રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

૧૯૦૬

**"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬–૧૭"**

WORLD TB DAY
March 24

# પ્રેસનોટ

## વિશ્વ ક્ષય દિન નિમીતે વિવિધ લોક જાગૃતિ કાર્યક્રમો
## મેયર શ્રી ધ્વારા કર્મચારી અધિકારીઓ ને એવોર્ડ

૨૪ માર્ચ–૧૮૮૨માં જયારે રોબર્ટ કોક નામના વૈજ્ઞાનિકે ટીબી માટે જવાબદાર બેકટેરીયા માઈકોબેકટેરીયમ ટયુબરકયુલોસીસની શોધ કરી ત્યારે સમગ્ર વિશ્વને ઘરપત થયેલ કે હવે ટીબીને નાથવામાં સંપૂર્ણ સફળતા મળશે. પરંતુ હજુ સુધી સંપૂર્ણ પણે ટીબી કંટ્રોલ શકય બની શકેલ નથી. તથા તાજેતરનાં વર્ષોમાં એચઆઈવીનાં ચેપનાં લીધે વિકસીત દેશોમાં પણ તેનો પ્રસાર થવાથી વિશ્વ આરોગ્ય સંસ્થા તેને ગ્લોબલ ઈમરજન્સી તરીકે જાહેર કરી વિવિધ પગલા લઈ રહી છે. વિશ્વ આરોગ્ય સંસ્થા ધ્વારા ટીબી નાથવા અંગે સચોટ સારવાર પધ્ધતિ " ડોટસ " ની ભલામણ તથા અમલ કરવામાં આવી રહેલ છે. જેના ખૂબ જ સારા પરિણામો પણ મળી રહયા છે. હજુ પણ ભારતમાં ૪.૭૮ લાખ લોકો ટીબીના કારણે મુત્યુ પામે છે. ગુજરાત સદર કાર્યક્રમમાં પ્રથમ હરોળનુ રાજય ગણાય છે. ૨૦૧૬ માં **ગુજરાતમાં ૮૯૦૪૭** તથા સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં **કુલ દર્દીઓ ૬૫૩૦** હતા. હજુ પણ ઘણા દર્દીઓ પ્રાઈવેટ પ્રેકટીશનરો ધ્વારા સારવાર લે છે.

વિવિધ ટીબી યુનીટ / ઝોનનાં વિસ્તાર વાઈઝ દર્દીઓ નીચે મુજબ છે.

| **ટીબી યુનીટનું નામ** | **વિસ્તાર** | **કુલ દર્દી** | **પ્રાઈવેટ નોટીફીકેશન** |
|---|---|---|---|
| હીરાબાગ | હીરાબાગ, મોટા વરાછા , નાના વરાછા | 258 | 1897 |
| વરાછા | વરાછા ફુલપાડા , એ.કે.રોડ | 386 | 91 |
| રાંદેર | રાંદેર , સિંગણપોર, ડભોલી | 332 | 1 |
| અડાજણ | અડાજણ , પાલ , પાલનપુર | 225 | 13 |
| કતારગામ | કતારગામ, વેડ રોડ | 332 | 81 |
| કોસાડ | કોસાડ , અમરોલી , ઉત્રાણ | 475 | 36 |
| બીપી | મુગ્લીસરા , ચોક, ચૌટાપુલ , સૈયદપુરા, ઘાસ્તીપુરા, વરીયાવી બજાર | 239 | 44 |
| ક્ષેત્રપાલ | નવસારી બજાર , મહીઘરપુરા, રૂસ્તમ પુરા, નવાપુરા,વાડીફળીયા | 355 | 207 |
| ઉઘના | ઉઘના , વિજયા નગર, ઉમરા | 396 | 162 |
| પનાસ | પનાસ, અલથાણ, ડુમ્મસ, વેસુ | 317 | 1 |
| લિંબાયત | લિંબાયત આંજણા | 370 | 10 |
| ઉમરવાડા | ઉમરવાડા , ચીમની ટેકરો | 239 | - |
| કરંજ | કરંજ , માતાવાડી , લંબે હનુમાન રોડ | 434 | 83 |
| પુણાગામ | પુણા, સીમાડા, સરથાણા | 380 | 25 |
| પાંડેસરા | પાંડેસરા, વડોદ, જીઆઈડીસી | 501 | - |

| | | | |
|---|---|---|---|
| ઉન | ઉન , ભેસ્તાન | 340 | - |
| નવાગામ ડીંડોલી | નવાગામ , ડીંડોલી | 378 | 2 |
| ગોડાદરા | ગોડાદરા , નવાનગર | 564 | - |
| | **કુલ –** | **6530** | **2659** |

**સુરત ખાતે ઈન્ડીયન મેડીકલ એસોસીયેશન તથા ફેમીલી ફીઝીશ્યન એસોસીયેશન પણ સદર કાર્યક્રમમાં સક્રીય ફાળો આપી રહેલ છે. સુરતમાં ગુજરાતભરમાં સૌથી વધુ પ્રાઈવેટ પ્રેકટીશનરો ૧૪૯૯ થી વધુ સદર પ્રોગ્રામમાં સામેલ છે. વિશ્વની શ્રેષ્ઠ સારવાર પધ્ધતિ " ડોટસ" ધ્વારા ખૂબ શ્રેષ્ઠ પરીણામો મળવાને લીધે દર્દીઓની સંખ્યા વધુને વધુ આ સારવાર તરફ થઈ રહેલ છે. હજુ પણ કોઈ પણ દર્દીને ટીબી જણાયતો " ડોટસ" સારવાર લેવા ભલામણ કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા વિસ્તારના તમામ શહેરી આરોગ્ય કેન્દ્ર, સ્મીમેર,મસ્કતી હોસ્પિટલ તથા સ્વૈચ્છિક સંસ્થા , પ્રાઈવેટ ડોકટરને ત્યાંથી પણ "ડોટસ" સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ છે. જેનો લાભ લેવા જણાવવામાં આવે છે.**

**સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં મલ્ટી ડ્રગ રેજીસ્ટન્ટ તથા એકસ–ડીઆર ટીબી અંગેની સારવાર પણ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. સને ૨૦૧૬ માં કુલ–૨૦૮ દર્દીઓ આ સારવાર લઈ રહયા છે. સદર સારવારનો ખર્ચ દર્દી દીઠ અઢી થી ચાર લાખ રૂપિયા જેટલો હોય છે. પરંતુ તે વિનામૂલ્યે આપવામાં આવે છે.**

**આ પ્રકારના MDR ટીબીના દર્દીના નિદાન માટે આધુનિક મશીન CBNAAT જેની અંદાજીત કિંમત ૧૫ લાખ જેટલી છે. જે જાન્યુઆરી–૨૦૧૬ થી હિરાબાગ આરોગ્ય કેન્દ્ર ખાતે કાર્યરત છે તથા બીજા મશીન ઉધના આરોગ્ય કેન્દ્ર એપ્રીલ–૨૦૧૬ તથા સ્મીમેર ખાતે મે–૨૦૧૬થી કાર્યરત છે. આ મશીન ફ્રાંસથી સરકાર ધ્વારા આયાત કરવામાં આવેલ છે આ મશીન ધ્વારા બે કલાકમાં ટીબી નો નિદાન તથા MDR ટીબીનું નિદાન કરી આપે છે જેનું મૂલ્ય રૂા.૩૦૦૦ જેટલું હોય છે. પરંતુ સરકાર ધ્વારા મફત તપાસ થાય છે. જે અંતર્ગત ૨૦૧૬માં કુલ ૪૧૬૫ ટેસ્ટ થઈ જેમાંથી ૧૫૮૬ સેન્સીટીવ તથા ૧૭૩ રેજીસ્ટન્ટ ટીબીનું નિદાન કરવામાં આવેલ હતું.**

**સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ લોક–જાગૃતિનાં કાર્યક્રમો યોજવામાં આવેલ છે જેમાં માનનીય મેયરશ્રીનાં વડપણ હેઠળ અઠવા ચોપાટીથી રેલીનું પ્રસ્થાન, પોસ્ટર કોમ્પીટીશન, કોસાડ ખાતે હેલ્થ કેમ્પ, અલથાણ ખાતે અવેરનેશ કેમ્પેન, ટીબી શો, પ્રાઈવેટ ડોકટર્સ માટે સીએમઈ વિગેરેનો સમાવેશ થાય છે.**

**પ્રાઈવેટ પ્રેકટીશનરો ધ્વારા ટીબી દર્દી અંગેનું નોટીફીકેશન હવે ફરજીયાત કરવામાં આવેલ છે જેમાં ૨૦૧૬ માં ૨૬૫૯ જેટલા ટીબીનાં દર્દીઓનુ નોટીફીકેશન કરવામાં આવેલ છે. તમામ પ્રાઈવેટ પ્રેકટીશનરોને નોટીફીકેશન માટે અપીલ કરવામાં આવે છે જેથી ટીબીનાં તમામ દર્દીઓની મુલાકાત લઈ દવા પુરી કરાવી શકાય.**

**સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ગાંધી સ્મૃતિ ભવન ખાતે મુખ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં મા.મેયર ધ્વારા આખા વર્ષ દરમ્યાન શ્રેષ્ઠ ક્ષય નિયંત્રણ કામગીરી કરનાર અધિકારીઓ, કર્મચારીઓ ઉપરાંત પ્રાઈવેટ પ્રેકટીશનર, સ્વૈચ્છિક સંસ્થાઓ, આંગણવાડી કાર્યકરોને એવોર્ડ આપી બિરદાવવામાં આવનાર છે. તેમજ સીટી ટીબી ઓફીસર ડો.કે.એન.શેલડીયા ધ્વારા ટીબી કાર્યક્રમની**

માહિતી આપી જણાવેલ કે વર્ષ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી સુરત મહાનગપાલિકામાં થઈ રહેલ છે જેની નોંધ વર્લ્ડ બેંક, કેન્દ્રસરકાર તથા રાજય સરકારની વિવિધ ટીમો ધ્વારા સરાહના પામેલ તેમજ ઘણા એવોર્ડ પણ મેળવેલ છે.

કેન્દ્ર સરકાર પણ ટીબી નિયંત્રણ અર્થે ખુબ ચિંતીત છે જે અંગે તેઓએ ૨૦૨૫ સુધીમાં નિયંત્રણ અંગેના નવા લક્ષ્યાંક નકકી કરેલ છે તથા તેને અનુરુપ જરુરી નવી ગાઈડલાઈન ૨૦૧૭ થી જ અમલમાં મુકવામાં આવેલ છે જેમાં ઘરે ઘરે જઈને પણ ટીબીના શંકાસ્પદ દર્દીઓ શોધવા, એકસ–રેની ઝડપી તપાસ વિગેરે પગલા લેવામાં આવી રહેલ છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા ધ્વારા દર વર્ષે યુનીક થીમ બહાર પાડવામાં આવે છે જે મુજબ ૨૦૧૬ માટે નું થીમ **"Unite To End TB"** આપવામાં આવેલ છે જે મુજબ તમામે તમામ ક્ષેત્રનાં સહકાર થી ટીબી નાં અંત માટે લડાઈ કરવા આહવાન કરવામાં આવે છે. જેથી તમામ આરોગ્ય કાર્યક્રરો, પ્રાઈવેટ પ્રેકટીશનરો, સ્વૈચ્છિક સંસ્થાઓ, પ્રેસ મીડીયા ને આ તબકકે અપીલ કરવામાં આવે છે.

૧૯૦૭

## સુરત મહાનગરપાલિકા
## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)
# <u>પ્રેસનોટ</u>

**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં તા.૨૩/૦૩/૨૦૧૭ ના રોજ ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરીની વિગત**

(૧) ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૬૧(પરવત–ગોડાદરા), ફા.પ્લોટ નં.૧૩૮/એ, બ્લોક નં.–૧૫૧ માં અગાઉ ગુજરાત હાઉસીંગ બોર્ડ ધ્વારા પ્લાન મંજુર કરાવવામાં આવેલ. ઉપરોકત સોસાયટીમાં મંજુર લે–આઉટ મુજબ સી.ઓ.પી.ની ખુલ્લી રાખવા પાત્ર જગ્યામાં હિતસંબંધીઓ ધ્વારા બાંધકામ શરૂ કરતા અત્રેથી ડિમોલીશનની કાર્યવાહી હાથધરી આશરે ૪૫૦.ચો.ફુટ માપ વિસ્તારમાં ચણતર કામ તેમજ આશરે ૪' ઉંચા ૧૧ (અગીયાર) નંગ કોલમ તોડી દુર કરવામાં આવેલ

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ સાથે સંયુકત રીતે કામગીરી કરવામાં આવેલ છે.

૧૯૦૮

સ્વર્ણિમ જયંતિનિમિત્તે પે એન્ડ યુઝની સાફ–સફાઈ તથા તેમાં રહેલ ક્ષતિ/ખામીઓનું રીપેરીંગ કામ કરવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

"સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત તેમજ સુરત મહાનગરપાલિકાની સ્વર્ણિમ જયંતિનિમિત્તે મા.મેયરશ્રી તથા મે.કમિશ્નરશ્રીનાં આદેશ અનુસાર તમામ ઝોનમાં આવેલ પે એન્ડ યુઝની સાફ–સફાઈ તથા તેમાં રહેલ ક્ષતિ/ખામીઓનું રીપેરીંગ કામ કરવા જણાવવામાં આવેલ હતુ.

જેનાં સદર્ભે ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને આરોગ્યઅધિકારીશ્રીની સુચના અનુસાર આજ તા.૨૨/૦૩/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્યઅધિકારીશ્રીઓ દ્વારા આરોગ્ય/ઈજનેર તથા ઈજાદારશ્રીના સ્ટાફની સંયુકત ટીમ બનાવી તેઓના ઝોનમાં આવેલ પે એન્ડ યુઝ ઈજનેર/ઈજાદારશ્રીના સ્ટાફ દ્વારા તુટેલ ટબ/ટાઈલ્સ કરી પ્લાસ્ટર કરવાની કામગીરી કરવામાં આવેલ હતી. વધુમાં પે અન્ડ યુઝ પાણીનાં સપ્લાય માટે બનાવેલ પાઈપ લાઈનમાં થયેલ લીકેજ પાઈપ લાઈન, નળ, ફલશ કોક બદલવાની કામગીરી તેમજ ઈલેકટ્રીક સપ્લાયનાં લગાડેલ બોર્ડ, સ્વીચ, ટયુબલાઈટ, બલ્બ વિગેરે બદલવાની કામગીરી કરવામાં આવી હતી.

ત્યારબાદઆરોગ્ય/ઈજાદારશ્રીનાં સફાઈ કામદરો પાસે એસીડ–ફીનાઈલ લીકવીડ શોપથી સ્વચ્છ કરી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સફાઈ કરવામાં આવેલ પે એન્ડ યુઝનીસંખ્યા | ક્ષતિ/ખામીઓનું રીપેરીંગ કર્યાની સંખ્યા | સફાઈ કામગીરીમાં ભાગ લીધેલ સ્ટાફની વિગત | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| | | સુપરવાઈઝર | સફાઈ કામદાર | ઈજાદારના કામદાર | | |
| ૧૧૯ | ૨૨ | ૭૫ | ૧૨૭ | ૧૨૨ | ૧.૩૫૫ | ૬૭૫ |

વધુમાં આ ટીમો દ્વારા આજુબાજુના રહેણાંક વિસ્તારોમાં સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૯૦૯

તા.૨૧/૦૩/૧૭ના રોજ દરેક ઝોનવિસ્તારમાં આવેલ તમામ નહેર તથા ખાડીની અંદર તેમજ બહારના કિનારાનીધનિષ્ઠ સફાઈ ઝુંબેશ

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્યવિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત તા.૨૨/૦૩/૧૭ના રોજ ''વર્લ્ડ વોટર ડે'' હોવાને કારણે તા.૧૬/૦૩/૧૭ થી તા.૩૧/૦૩/૧૭ દરમ્યાનનદી/તળાવ/ઓવારાના કિનારા, નહેર અને ખાડીની સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૨૧/૦૩/૧૭ના રોજ દરેક ઝોનમાં આરોગ્ય/શહેરના ચુટાયેલા પ્રતિનિધિઓ, NGO તેમજ નગરજનોની સંયુકત ટીમ બનાવી શહેર ઝોનવિસ્તારમાં આવેલ નહેર તથા ખાડીની અંદર તેમજ બહારના કિનારાની, આજુબાજુ ઉગેલ ઝાંડી ઝાંખરા, જંગલી વનસપતિઓના નિકાલ કરાવી નહેર/ખાડીમાં કચરો, પ્લાસ્ટીક, કાપડનાં કુચા તથા અંદરના ભાગે ઉગેલ જંગલી વનસપતિ વિગેરેનો નિકાલ કરાવી કચરો–કચરામિશ્રીત ઢગલાનો નિકાલ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ હતો.

| નદી/ખાડી | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|
| **અઠવા**– (૧).ભીમરાદ રામેશ્વર ખાડી | ૨ | ૬ | ૨.૫૦૦ | ૧૧૦ |
| **ઉધના**–(૧).અલથાણ/બમરોલી/ભેદવાડ, ઉધનાઝોન પાછળ, સંજય નગર પાછળની ખાડી(૨).ભેસ્તાન નહેર/સિધ્ધાર્થનગર/ ખરવા નગર નહેર | ૧૧ | ૪૨ | ૭.૫૦૦ | ૧૫૦ |
| **રાંદેર**–(૧).વરીયાવ ખાડી (૨).રાંદેર/અડાજણ ગામ/અડાજણ પાટીયા નદી કિનારો (૩).પાલણપોર ગામ/ઉગટ કેનાલ | ૧૫ | ૩૮ | ૩.૩૦૦ | ૨૦૦ |
| **સેન્ટ્રલ**–નાવરી ઓવારો/ડકકા ઓવારો | ૭ | ૧૧ | ૦.૬૭૦ | ૫૦ |
| **કતારગામ**–આર્દશનગર ખાડી | ૫ | ૨૫ | ૧૩૦ | ૭૫ |
| **વરાછા**(ઓવારા)–(૧).સિધ્ધકુતિર/તાપી વિશ્વનાથ/રામનાથ/રામજી ઓવારા | ૫ | ૫૭ | ૧.૬૦૦ | ૭૫૦ |
| **કુલ** | **૪૫** | **૧૭૯** | **૧૬.૮૭૦** | **૧૩૩૫** |

વધુમાં આ ટીમો દ્વારા નહેર/ખાડીની આજુબાજુના રહેણાંક વિસ્તારોનાં રહીશોને સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપ્યા બાદ સ્વચ્છતાનાં શપથ લેવડાવામાં આવ્યા હતા.

**''સ્વચ્છ ભારત મિશન''**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૯૧૦

# <u>પ્રેસ નોટ</u>

## સુરત મહાનગરપાલિકા

**¨સ્વર્ણિમ જયંતિ સમાપન¨ નિમિત્તે તા.૨૬/૦૩/૨૦૧૭ થી તા. ૩૧/૦૩/૨૦૧૭ સુધી વિવિધ બિલ્ડીંગો ઉપર રોશની કરવા બાબત**

**લાઈટ એન્ડ એનર્જી એફીસીયન્સી સેલ**

સુરત મહાનગરપાલિકાની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરા થવા સંદર્ભે ''સ્વર્ણિમ જયંતી સમાપન'' ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા તરફથી વિવિધ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

સદર ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકાની મિલ્કતો જેવી કે ઝોન ઓફિસ, સિવિક સેન્ટરો, હેલ્થ સેન્ટરો, ફાયર સ્ટેશન તથા વિવિધ ખાતાની વહીવટી ઓફિસો અને મહાનગરપાલિકા દ્વારા નિભાવવામાં આવતા સર્કલો પર સુરત મહાનગરપાલિકા તરફથી રોશની કરવામાં આવનાર છે.

વધુમાં વિવિધ બિલ્ડીંગો જેવી કે, સરકારી/અર્ધસરકારી કચેરી, શૈક્ષણિક સંસ્થા / પ્રાઈવેટ સંસ્થાના બિલ્ડીંગો, કોર્મશીયલ બિલ્ડીંગો, ટેક્ષટાઈલ માર્કેટ, મોલ તથા હોટલ/ રેસ્ટોરન્ટ, રહેણાંક બિલ્ડીંગો તથા પ્રાઈવેટ ડેવલપર તરફથી ડેવલપ કરવામાં આવેલ સર્કલો ઉપર આકર્ષક રોશની કરી ઉજવણીનાં સમયગાળા દરમ્યાન સુરતને ઝગમગતું કરી સુંદરતા તથા ગૌરવ વધારવા સુરત મહાનગર પાલિકા તરફથી શહેરીજનોને અપીલ કરવામાં આવે છે.

૧૯૧૧

## :: પ્રેસનોટ ::

**વિષય : સુરત મહાનગરપાલિકાની સ્વર્ણિમ જયંતિ સમાપનના ભાગ રૂપે સ્વર્ણિમ સપ્તાહ દરમ્યાન યોજાનાર કાર્યક્રમો અંતર્ગત રજુ થનાર નાટકોની હારમાળા**

સુરત મહાનગરપાલિકાની સ્વર્ણિમ જયંતિ સમાપનના ભાગ રૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૩/૨૦૧૭ થી તા.૩૧/૦૩/૨૦૧૭ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૨૭ થી ૩૧ માર્ચ ૨૦૧૭ દરમ્યાન સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૪મી નાટ્ય સ્પર્ધાના વિજેતા નાટકોનું આયોજન ગાંધી સ્મૃતિ ભવન, સરદાર પટેલ સ્મૃતિ ભવન અને સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

**:: તા.૨૭ થી ૩૧ માર્ચ ૨૦૧૭ દરમ્યાન યોજાનાર નાટકો ::**

| તારીખ અને સમય | નાટ્ય સંસ્થા | નાટક | દિગ્દર્શક | સ્થળ |
|---|---|---|---|---|
| ૨૭/૦૩/૨૦૧૭ રાત્રે ૮.૩૦ કલાકે | આર્ટિઝમ થિયેટર | દેવદાસિની | શ્રી ગીરીશ સોલંકી | સંજીવકુમાર ઓડિટોરીયમ, રાજહંસ સિનેમા પાસે, પાલ, અડાજણ, સુરત |
| ૨૮/૦૩/૨૦૧૭ રાત્રે ૮.૩૦ કલાકે | પરમ | તા.૭ મે, મંગળવાર | ડો.પદ્મેશ પંડિત | સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા, સુરત |
| ૨૯/૦૩/૨૦૧૭ રાત્રે ૮.૩૦ કલાકે | સ્વરમ્ એન્ટરટેઈનર | સરિતા | શ્રી પંકજ પાઠકજી | સંજીવકુમાર ઓડિટોરીયમ, રાજહંસ સિનેમા પાસે, પાલ, અડાજણ, સુરત |
| ૩૦/૦૩/૨૦૧૭ રાત્રે ૮.૩૦ કલાકે | દિપ આર્ટસ | કથા | શ્રી ગીત દીક્ષિત | ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત |
| ૩૧/૦૩/૨૦૧૭ રાત્રે ૮.૩૦ કલાકે | રાજગૃપ થિયેટર એન્ડ પરર્ફોર્મિંગ આર્ટ | અંજી | શ્રી રાજેશ આર. પાન્ડેય | સંજીવકુમાર ઓડિટોરીયમ, રાજહંસ સિનેમા પાસે, પાલ, અડાજણ, સુરત |

આ નાટ્ય કાર્યક્રમ વિનામૂલ્યે આમંત્રિતો માટે રાખવામાં આવેલ છે. પ્રવેશ તથા બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, ગાંધી સ્મૃતિ ભવન, સરદાર પટેલ સ્મૃતિ ભવન અને સંજીવકુમાર ઓડિટોરીયમના તખ્તે રજુ થનાર આ નાટકોને માણવા નિમંત્રિતોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.

"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬-૧૭"

: પ્રે સ નો ટ :

## મિલકતવેરા/વ્યવસાયવેરાના બાકી માંગણા બાબતે

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં આસી.મ્યુ. કમિશ્નરશ્રી પૂર્વઝોન (વરાછા) ની સીધી દેખરેખ હેઠળ એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસરશ્રી તેમજ આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા લાંબા સમયથી મિલકતવેરો ન ભરતાં કાપોદ્રા વિસ્તારમાં આવેલ ગાયત્રીનગર વસાહતમાં મિલકતદારોનાં બાકી વેરા વસુલાત માટે આજરોજ કુલ-૧૨૦ થી વધુ મિલકતદારોની મિલકતને સીલ મારતાં સ્થળ પર મિલકતદારો પાસેથી રૂા.૬,૦૦,૦૦૦/- થી વધુ રકમ વસુલ કરવામાં આવેલ, અને સીલ ખોલી નાંખવામા આવેલ, તેજ રીતે નાનાવરાછા વિસ્તારમાં મિલકતદારોનાં બાકી વેરા વસુલાત માટે આજરોજ કુલ-૧૫ થી વધુ મિલકતદારોની મિલકતનાં નળ કનેકશન કાપવાની કાર્યવાહી કરતાં સ્થળ પર મિલકતદારો ધ્વારા રૂા.૮૦,૦૦૦/- થી વધુ રકમ સ્થળ પર ભરતાં નળ કનેકશન જોડી આપવામાં આવેલ છે.

આજરોજ વરાછાઝોનનાં વ્યવસાયવેરા ધ્વારા વ્યવસાયવેરા ન ભરતાં અલગ અલગ વ્યવસાયકારો પાસેથી સીલ મારવાની પ્રક્રિયા કરતાં સ્થળ પર રૂા. ૩ લાખથી વધુનો વ્યવસાયવેરો વસુલ કરવામાં આવેલ છે.

આમ, આકારણી અને વસૂલાત વિભાગનાં કુલ રૂા.૨૨ લાખથી વધુ તેમજ વ્યવસાયવેરાનાં રૂા. ૫ લાખથી વધુની વસુલાત કરવામાં આવેલ છે.

પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્રમાં આવેલ મિલકત વેરો તેમજ વ્યવસાયવેરો બાકી પડે છે, તેવી મિલકતો સીલ કરી વેરો વસૂલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેથી બાકી કરદાતાઓને બાકી નીકળતો મિલકતવેરો તેમજ વ્યવસાયવેરો સમયસર ભરપાઈ કરવા આકારણી અને વસૂલાત વિભાગ તેમજ વ્યવસાયવેરા વિભાગ, વરાછાઝોન ઓફીસનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ છે.

:::::::::::

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા
તરફથી સાદર સમાચાર યાદી
નં. 1912

તા.૨૩/૦૩/૨૦૧૭

"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬-૧૭"

**<u>પ્રેસ નોટ</u>**

**તા.૨૩-૩-૧૭**

સુરત મહાનગરપાલિકાના નીચે જણાવ્યા મુજબના વિવિધ પ્રોજેકટોની લોકાપર્ણ/ખાતમુર્હત વિધિ તા.૨૬-૩-૧૭ના રોજ સાંજે ૪-૦૦ કલાકે ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીજીના વરદ હસ્તે, ઉધના ઝોન વિસ્તારમાં વિજયાનગર પાસે આવેલ સુરત મહાનગરપાલિકાના "સ્ટેડીયમ" ખાતે રાખવામાં આવેલ છે.

૧. બપોરે ૩-૩૦ કલાકે, બી.આર.ટી.એસ. ફેઝ-૨ પાંડેસરા પિયુષ કોમ્પ્લેક્ષ જંકશન પર ફલાય ઓવર બ્રીજનું ઉદઘાટન

૨. સીટી બસોનું લોકાપર્ણ, પિયુષ કોમ્પ્લેક્ષ જંકશન પર ફલાય ઓવર બ્રીજ પાસે

**ઉદ્‌ઘાટનકરવા જોગ પ્રોજેકટોની વિગત**

| ક્રમ | ઝોન/વિભાગનું નામ | પ્રોજેકટનું નામ |
|---|---|---|
| ૧ | સાઉથઇસ્ટ ઝોન ( લિંબાયત) | સાઉથ-ઇસ્ટ ઝોન(લિંબાયત)માં આવેલ ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૬૧(પરવત-ગોડાદરા),ફા.પ્લોટ નં. આર-૩૬ખાતે સીનીયર સીટીઝન હોલ બનાવવાનું કામ. |
| ૨ | સાઉથઇસ્ટ ઝોન ( લિંબાયત) | સાઉથ-ઇસ્ટ ઝોન ( લિંબાયત)માં આવેલ ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૬૯(ગોડાદરા - ડીંડોલી), ફા.પ્લોટ નં. ૦૮ ખાતે પ્રાથમિક શાળા બનાવવાનું કામ. |
| ૩ | ડ્રેનેજ વિભાગ | સાઉથઝોનગભેણીગામતળવિસ્તારમાં સુએઝ નેટવર્ક, ટ્રાન્સમીશન લાઇન, સુએઝ પમ્પીંગ સ્ટેશન ( ઇલે.મિકે.વર્ક સહિત), બનાવવાનું કામ. |
| ૪ | બી.આર.ટી.એસ. સેલ | સુરત બી.આર.ટી.એસ. ફેઝ-૨ અંતર્ગત ઉધના -પાંડેસરાવિસ્તારમાં આવેલ પિયુષ કોમ્પલેક્ષ જંકશન પર EPC Basis (Design, Engineering, Procurement and Construction) થીફ્લાયઓવરબ્રીજબનાવવાનું કામ. |
| ૫ | બી.આર.ટી.એસ. સેલ | સુરત બી.આર.ટી.એસ. ફેઝ-૨Extensionઅન્વયે માનસી રેસીડન્સીથી L.C.- ૩રેલ્વે ફાટક રૂટ પર ૦૩ બસ શેલ્ટર તેમજ કોરીડોર ડેવલપ કરવાનું કામ. |
| ૬ | બી.આર.ટી.એસ. સેલ | સુરત બી.આર.ટી.એસ. ફેઝ-૨Extensionઅન્વયે L.C.- ૩રેલ્વે ફાટક બ્રીજથીસુરત બારડોલી રોડ સુધીના રૂટ પર ૦૬ બસ શેલ્ટર તેમજ કોરીડોર ડેવલપ કરવાનું કામ. |
| ૭ | બી.આર.ટી.એસ. સેલ | સુરત બી.આર.ટી.એસ. ફેઝ-૨Extensionઅન્વયે રીંગ રોડ સહારાદરવાજાથી કુંભારીયા (સુરત બારડોલી રોડ) સુધીના રૂટ પર ૧૨ બસ શેલ્ટર તેમજ કોરીડોર ડેવલપ કરવાનું કામ. |
| ૮ | બી.આર.ટી.એસ. સેલ | સુરત બી.આર.ટી.એસ. ફેઝ-૨Extensionઅન્વયેવાલક સીટી લીમીટથી કામરેજ ચાર રસ્તા સુધીના રૂટ પર ૧૧ બસ શેલ્ટર તેમજ કોરીડોર ડેવલપ કરવાનું કામ. |
| ૯ | હાઈડ્રોલિક વિભાગ | નવાનોર્થ વિસ્તાર પૈકી વરિયાવ ટી.પી. સ્કીમ નં.૩૮, એફ.પી. નં. ૬૦ માં ૨૧.૦૦ લાખ લીટર ક્ષમતાવાળી ૨૪ મીટર ઉંચીઆર.સી.સી.ઓવરહેડ ટાંકી (ESR-V1),કમ્પાઉન્ડ વોલ તથા આંતરિક રસ્તા સહિત બનાવવાનું કામ. |

| | | |
|---|---|---|
| ૧૦ | હાઈડ્રોલિક વિભાગ | નવાનોર્થ વિસ્તાર પૈકી વરિયાવ ટી.પી. સ્કીમ નં.૩૮, એફ.પી. નં. ૬૦ માં ૧૮.૦૦ લાખ લીટર ક્ષમતાવાળી ૨૪ મીટર ઉંચીઆર.સી.સી.ઓવરહેડ ટાંકી (ESR-V2),કમ્પાઉન્ડ વોલ તથા આંતરિક રસ્તા સહિત બનાવવાનું કામ. |
| ૧૧ | એફોર્ડેબલ હાઉસીંગ સેલ | મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત ટી.પી.૪(રૂંઢ–મગદલ્લા), ફા.પ્લોટ નં.૬૪, એલ.આઈ.જી.સ્કીમ નં.૩ "સુમન સ્વેટ" ના ૨૮૪ આવાસોનો કોમ્પ્યુટરાઈઝ ડ્રો કરવાનું કામ |
| ૧૨ | ગાર્ડન વિભાગ | સાઉથઝોન(ઉધના) માં ટી.પી.સ્કીમ નં.૬, ફા.પ્લોટ નં.૧૬૧(મજુરા)ખાતે ખટોદરા લેક ગાર્ડનનું વિકાસ કામ |
| ૧૩ | ગાર્ડન વિભાગ | અઠવા ઝોનમાં આવેલ ટી.પી.૪૩(ભીમરાડ) ફા.પ્લોટ નં.૮૯ ખાતે ગાર્ડનનું વિકાસ કામ |
| ૧૪ | ગાર્ડન વિભાગ | અઠવા ઝોનમાં આવેલ ટી.પી.૪૩(ભીમરાડ)ફા.પ્લોટ નં.૧૦૧ ખાતે શાંતિકુંજનું વિકાસ કામ |
| ૧૫ | સુરત સીટીલીંક | સીટી બસ નંગ–૭૫ |
| ૧૬ | રાંદેર ઝોન | પશ્ચિમ ઝોન ૨ (રાંદેર)વિસ્તારમાં આવેલ ટી.પી.૨૯ (રાંદેર)તથા ટી. પી. ૪૨ (જહાંગીરાબાદ) માં લાગુ કેનાલ રોડ પર લીનીયર પાર્ક કમ વોક–વે (પેચ–૨તથા ૩) સહિત ટ્રાફિક આઈલેન્ડ બનાવવાનું કામ. |
| ૧૭ | રાંદેર ઝોન | પશ્ચિમઝોન (રાંદેર)વિસ્તારમાં આવેલ ટી.પી.૧૦(પાલ) ફા. પ્લોટ નં. ૧૧૯,૧૩૧ અને ફા.પ્લોટ નં.૧૦૧,૧૫૭ વચ્ચેના પાલ તળાવ જંકશનથી પાલનપોર નહેર ક્રોસીંગ સુધી વોક–વે બનાવવાનું કામ. |
| ૧૮ | રાંદેર ઝોન | પશ્ચિમઝોન (રાંદેર)વિસ્તારમાં આવેલ ટી.પી.૪૬(જહાંગીરપુરા)ફા. પ્લોટ નં. ૮૮ ખાતે શાંતિકુંજ બનાવવાનું કામ. |
| ૧૯ | હાઉસીંગ વિભાગ(ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ) | હાઉસીંગ વિભાગદ્વારા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ માટે ૭૦ મી. ઉંચાઈવાળું હાઈડ્રોલીક પ્લેટફોર્મ ખરીદવાનું કામ. |
| ૨૦ | હાઉસીંગ વિભાગ(ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ) | હાઉસીંગ વિભાગદ્વારાફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ માટે વિવિધલક્ષી (નંગ –૨)ફાયર એન્જિંન ખરીદવાનું કામ. |
| ૨૧ | હાઉસીંગ વિભાગ(ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ) | હાઉસીંગ વિભાગદ્વારાફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ માટે ફસ્ટ રીસ્પોડર(નંગ –૨)ફાયર એન્જિંન ખરીદવાનું કામ. |
| ૨૨ | સાંસ્કૃતિક વિભાગ (સાયન્સ સેન્ટર) | ભારત દેશનું પ્રથમ સ્કાયવોચર ટેલીસ્કોપનું ઉદઘાટન |
| ૨૩ | સ્માર્ટ સીટી | સુરત સ્માર્ટ સીટી લોગોનું લોન્ચીંગ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 1913
તા.23-03-2019

"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬–૧૭"

## પ્રેસ નોટ

તા.૨૩–૩–૧૭

સુરત મહાનગરપાલિકાના નીચે જણાવ્યા મુજબના વિવિધ પ્રોજેક્ટોની લોકાપર્ણ/ખાતમુર્હત વિધિ તા.૨૭–૩–૧૭ના રોજ સાંજે ૪–૦૦ કલાકે ગુજરાત રાજયના માન.નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલના વરદ હસ્તે, કેપીટલ સ્કેવેરની સામે, આસ્તિક પાર્ટી પ્લોટની પાસે,૧૫૦ ફુટ પુણા–ગોડાદરા મીડલ રીંગરોડ (બી.આર.ટી.એસ) પરવત ખાતે રાખવામાં આવેલ છે.

૧. સાંજે ૩–૩૦ કલાકે ટી.પી. સ્કીમ નં.૩૨, (અડાજણ) ફા.પ્લોટ નં.૧૧૬ ખાતે આવેલ મુખ્યમંત્રી ગૃહ યોજના (MMGY) હેઠળના ૧૨૮ LIG આવાસોનું ઉદઘાટન.

### ઉદઘાટન કરવા જોગ પ્રોજેકટોની વિગત

| ક્રમ | ઝોન/વિભાગનું નામ | પ્રોજેકટનું નામ |
|---|---|---|
| ૧. | સ્લમ અપગ્રેડેશન સેલ | મુખ્યમંત્રી ગૃહયોજના(MMGY)અંતર્ગતટી.પી. સ્કીમ નં. ૩૨ (અડાજણ) ફા.પ્લોટ નં. ૧૧૬ હેઠળના ૧૨૮LIG આવાસોનું કામ. |
| ૨. | હાઉસીંગ વિભાગ(ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ) | હાઉસીંગ વિભાગદ્વારા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ માટે ૫૪ મી. ઉંચાઈવાળી હાઈડ્રોલીક પ્લેટફોર્મનું લોકાપર્ણ. |
| ૩. | હાઈડ્રોલિકવિભાગ | કતારગામ વોટર વર્કસ ખાતે ૨૭ લાખ લીટર ક્ષમતાની ૨૪ મીટર ઉંચી ઓવર હેડ ટાંકી. |

### ખાતમુર્હત કરવાજોગ પ્રોજેકટોની વિગત

| ક્રમ | ઝોન/વિભાગનું નામ | પ્રોજકેટનું નામ |
|---|---|---|
| ૧. | સ્લમ અપગ્રેડેશન સેલ | ટી. પી. ૧૯ (પરવત–મગોબ) એફ. પી. ૧૦૦, તથા ટી.પી. ૪૧(ડીંડોલી) એફ.પી. ૨૯ |
| ૨. | સ્લમ અપગ્રેડેશન સેલ | ટી. પી. ૧૯(પરવત–મગોબ) એફ. પી.૧૧૧/૧ |
| ૩. | સ્લમ અપગ્રેડેશન સેલ | ટી. પી. ૧૯ (પરવત–મગોબ ) એફ. પી.૧૧૨ |
| ૪. | હાઈડ્રોલીકવિભાગ | ડીંડોલી ખાતે ૧૨૦ એમ.એલ.ડી. ક્ષમતાના નવા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ડીઝાઈન, કન્સ્ટ્રકશન, ટેસ્ટીંગ, કમીશનીંગ સહીતનીકામગીરીતથાહયાત ૭૮ એમ.એલ.ડી.ના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ વત્તા ૧૯૮ એમ.એલ.ડી.ના Zero liquid Discharge System (10 MLD) ની ડીઝાઈન, કન્સ્ટ્રકશન, ટેસ્ટીંગ, કમીશનીંગ ની કામગીરી ટર્ન–કી ધોરણે કરવાનથા પાંચ વર્ષ માટે સૂચિત ૧૩૦ (120+10) એમ.એલ.ડી. ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ તથાહયાત ૭૮ એમ.એલ.ડી. ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ મળી કુલ ૨૦૮ એમ.એલ.ડી. ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મરામત અને નિભાવનીકામગીરી. |
| ૫. | સાઉથ ઝોન (ઉધના) | સાઉથ ઝોન (ઉધના) માં મોજે ભેદવાડ રે.સ.નં–૨૫ પૈકી વાળી જગ્યામાં ડીમોલીશન અસરગ્રસ્તો માટે શોપીંગ સેન્ટર બનાવવાનું કામ. |
| ૬. | નોર્થ ઝોન(કતારગામ) | ટી. પી. ૦૩ (કતારગામ) એમ –૯ ખાતે નવું હેલ્થ સેન્ટર બનાવવાનું કામ |
| ૭. | નોર્થ ઝોન(કતારગામ) | ટી. પી. ૦૩ (કતારગામ) એમ –૮ ખાતે(કિરણ હોસ્પિટલ પાછળ) કોમ્યુનિટી હોલ તથા પાર્ટી પ્લોટ બનાવવાનું કામ |
| | | |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર નં. 1914
તા.23-03-2017

૧૯૧૫

"વર્લ્ડ વોટર ડે" નિમિત્તે તા.૨૩/૦૩/૧૭ના રોજ દરેક ઝોનમાંઆવેલનદી, તળાવ કિનારા ખાતે કચરાના ઢગલા, ઝાડી ઝાંખરા દુર કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૨૨/૦૩/૧૭ના રોજ "વર્લ્ડ વોટર ડે" હોવાને કારણે તા.૧૬/૦૩/૧૭ થી તા.૩૧/૦૩/૧૭ દરમ્યાનનદી/તળાવ/ઓવારાના કિનારા, નહેર અને ખાડીની સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૨૩/૦૩/૧૭ના રોજ દરેક ઝોનમાં આરોગ્ય/ઈજનેર વિભાગ તાપી સેલ, શહેરના ચુટાયેલા પ્રતિનિધિઓ, NGO તેમજ નગરજનોની સંયુકત ટીમ બનાવી શહેર ઝોનવિસ્તારમાં આવેલ નદી, તળાવ કિનારા ખાતે ઉગેલ ઝાડી ઝાંખરા/જંગલી વનસપતિઓ દુર કરાવ્યાબાદ કચરો કચરા મિશ્રીત માટીના ઢગલાઓનો નિકાલ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| નદી તળાવના કિનારેથી ઉપાડવામાં આવેલ ઝાડી ઝાંખરાના ઢગલાની સંખ્યા | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|
| ૨૧ | ૩૭ | ૧૩૭ | ૧૦.૧૮૦ | ૯૨૦ |

વધુમાં હાજર રહેલ તમામ સભ્યો તથા નદી તળાવ કિનારાની આજુબાજુનાં રહેણાંક વિસ્તારોમાં સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં હતી.

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬–૧૭"

..સ્વર્ણિમ જયંતિ નિમિત્તે મહાનગરપાલિકાઓની તમામ કચેરીઓ, આગણવાડી, હેલ્થ સેન્ટર, વોર્ડ ઓફિસોમાં સાફ–સફાઈ કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

"સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત તેમજ સુરત મહાનગરપાલિકાની સ્વર્ણિમ જયંતિ નિમિત્તે મા.મેયરશ્રી તથા મે.કમિશ્નરશ્રીનાં આદેશ અનુસાર મહાનગરપાલિકાઓની તમામ કચેરીઓ, આંગણવાડી, હેલ્થ સેન્ટર, વોર્ડ ઓફિસોમાં સાફ–સફાઈ કરાવવા માટે જણાવવામાં આવેલ હતું.

જેનાં સદર્ભમાં ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના અનુસાર તા.૨૩/૦૩/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ દ્વારા નીચે જણાવ્યા મુજબ આરોગ્ય/આંગણવાડી/હેલ્થ સેન્ટરના સ્ટાફની સંયુકત ટીમ બનાવી તેઓના ઝોનમાં આવેલ ઝોન કચેરી, આંગણવાડી, હેલ્થ સેન્ટર, વોર્ડ ઓફિસોમાં ધનિષ્ઠ સાફ–સફાઈ ઝુંબેશ કરાવી દરેક ઓફીસો પાણી વિગેરેથી સ્વચ્છ કરાવી, દરેક ઓફિસો માંથી જુના તુમારોની ફાઈલ, તુટેલ ફર્નિચર વિગેરેનો નિકાલ કરાવ્યા બાદ કચેરી/ઓફીસોની અંદર આવેલ ટોયલેટ બ્લોકને એસીડ–ફીનાઈલ લીકવીડ શોપના પાણીથી સ્વચ્છ કરી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સફાઈ કરવામાં આવેલ કચેરીની વિગત | | | રોકવામાં આવેલ સ્ટાફની વિગત | |
|---|---|---|---|---|
| કચેરી/ વોર્ડ ઓફિસ | આંગણવાડી | હેલ્થ સેન્ટર, | સુપરવાઈઝર | સફાઈ કામદાર |
| ૭૮ | ૧૧૦ | ૩૫ | ૯૩ | ૩૪૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 1916

તા.૨૪/૦૩/૨૦૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

૧૯૧૭

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

## <u>પ્રેસનોટ</u>

### <u>સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં તા.૨૪/૦૩/૨૦૧૭ના રોજ કરેલ કામગીરીની વિગત</u>

**તા.૨૪.૦૩.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૧** ફાઈલના **રૂા.૦૦.૩૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૦૯ **લોકેશન (ખાડા) ૭૯૫.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૫૦.૫૧** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–૦૩ લોકેશન (ખાડા) **૨૭૦.૦૦ ચો.મી.**મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૯ લોકેશન, ૨**૧૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**.,** સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૬૭(જીઆવ–સોનારી–ગભેણી) પ્રિયંકા ગ્રીન પાર્ક સોસાયટીના પ્લોટ નં.૪,૫,૬ માંથી આશરે **૧૫૦** ચો.ફુટ. માપ વિસ્તારમાંથી આર.સી.સી. સ્લેબ બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના) માં બમરોલી રોડ કૈલાસ ચોકડી પાસેથી ૦૮ લારીનું દબાણ દુર કરવામાં આવેલ છે., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ ૦૪, પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.**૩૬,૬૧૮/– વસુલ કરવામાં આવેલ., તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૨૦** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા**: ૪૫** છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧૦.૪૪** લાખ થયેલ છે., ૦૩ EC તથા **૦૫** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૬૮૫**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૮૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**.,** **૪૭** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૮ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૪** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૭૬.૧૫** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૫૫** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૩,૭૦૦**/– છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨,૦૧૫** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૬,૮૯૫** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૬૧** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૭૦૯** કરવામાં આવેલ છે. જયારે **૪૨** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૫૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

# —: પ્રેસનોટ :—

૧૯૧૮

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૪/૦૩/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન દુર કરવાની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૬૭(જીઆવ–સોનારી–ગભેણી) માં આવેલ પ્રિયંકા ગ્રીન પાર્ક સોસાયટીના પ્લોટ નં.૪,૫,૬ માંથી આશરે ૧૫૦ ચો.ફુટ. માપ વિસ્તારમાંથી આર.સી.સી. સ્લેબ બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૯૧૯

## પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોનના વિસ્તારમાં તા.૨૪/૦૩/૧૭ ને શુક્રવાર ના રોજ ચોકબજારની આજુબાજુનો વિસ્તાર તથા મુગલીસરા થી કતારગામ દરવાજા તથા નાણાવટ મેઈનરોડ સુધી આરોગ્યલક્ષી અને એન્જીનીયરીંગ વિભાગની સંકલિત ગૃપસફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. જે કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ ધ્વારા ૨.૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૨ નોટીસ આપવામાં આવેલ તેમજ જાહેરમાં ન્યુસન્સકર્તા ૩૮ ઈસમ પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૬૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ માઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટીક ૧૭ કિ.ગ્રા. જપ્ત કરેલ છે તેમજ ૧૦ હોટલ/રેસ્ટોરન્ટ ચેક કરી ૨૫ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરેલ છે. આ ઉપરાંત ૦૨ ટ્રાફીક સર્કલ તથા ૦૧ પ્રતિમાની સફાઈ કરાવવામાં આવેલ છે. પાણીજન્ય રોગો અને મચ્છરજન્ય રોગોની અટકાયત બાબતે પ્રચાર પ્રસાર કરવામાં આવેલ છે. સ્થળતપાસ દરમ્યાન મળેલ ૦૨ ડ્રેનેજ ઓવરફલોની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત વિસ્તારમાં તથા કન્ટેનર સ્પોટની આજુબાજુ ૧૩૫૦ કિ.ગ્રા. જેટલો જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.

ઈજનેરી વિભાગ ધ્વારા ૧૨૫૦ કિ.ગ્રા. જેટલો બાંધકામ મટીરીયલ તથા ડેબ્રીસના ઢગલાઓ ઉપાડવામાં આવેલ છે. દબાણ ખાતા ધ્વારા બંધ લારી–૧૦, ગલ્લા–૦૨ જપ્ત કરવામાં આવેલ છે તેમજ સ્ક્રેપીંગ/બ્રશીંગ મટીરીયલ્સ ૧૭ ટન ઉપાડવામાં આવેલ છે તેમજ ૨૫૦૦ ચો.મી. વિસ્તારમાં સ્ક્રેપીંગ/બ્રશીંગ કરાવવામાં આવેલ છે.

વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ૬૨૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૩૪ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોનો સર્વે દરમ્યાન ૦૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૦૨ ઈસમને નોટીસ આપવામાં આવી તથા રૂા.૧૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરેલ છે તથા ૦૬ જેટલા ટાયર, ૦૩ કેરબા તથા ડબ્બા ૦૨ વિગેરેનો પડતર સામાન જપ્ત કરેલ છે તેમજ મચ્છરજન્ય રોગોની ઉત્પત્તિસ્થાન નાશ સ્થળોની તપાસના ભાગરૂપે ૩૨ જગ્યાએ ઓવરહેડ તેમજ અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓનું ચેકીંગ કરવામાં આવેલ છે.

૧૯૨૦

સ્વર્ણિમ જયંતિની ઉજવણી નિમિત્તે ટીબી/સફાઈ અંગે જનજાગૃતિ આવે તે માટે વહેલી તથા સભાનું આયોજન બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

સ્વચ્છ ભારત અભિયાન અંતગર્ત તેમજ સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતિની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમો પૈકી આજ તા.૨૪/૦૩/૨૦૧૭ ગુરૂવારનાં રોજ ટીબી નાં રોગ તથા સફાઈ બાબતે જનજાગૃતિ કેળવાઈ તે હેતુસર એક રેલી અઠવા ચોપાટીથી અઠવાગેટ થઈ ગાંધીસ્મૃતિ ભવન સુધી માન. મેયરશ્રીએ લીલી ઝંડી આપી રેલીનું પ્રસ્થાન કરાવવામાં આવેલ હતું.

આ રેલીમાં આ ઉપરાંત શાસક પક્ષ નેતાશ્રી, આરોગ્ય/હોસ્પીટલ કમીટીનાં ચેરમેનશ્રીતથા અન્ય ચેરમેનશ્રીઓ, મ્યુ. સભ્યશ્રીઓ તથા મહાનગરપાલિકાનાં ડે.કમિ.શ્રી હેલ્થ એન્ડ હોસ્પીટલ, આરોગ્ય અધિકારીશ્રી, ટીબી વિભાગનાં વડાશ્રી તેમજ કર્મચારી ગણો અને શહેરી જનોએ બહોળા પ્રમાણમાં આ રેલીમાં ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. આ રેલી ગાંધીસ્મૃતિ ભવન ખાતે પુર્ણ થયેલ હતી. જે દરમ્યાન ગાંધીસ્મૃતિ ભવન ખાતે શાસક પક્ષનાં નેતાશ્રીધ્વારારેલીમાં ઉપસ્થિત તમામ સમક્ષ ટીબી બાબતે જરૂરી કાળજી અને દેશમાંથી ટીબી સંપૂર્ણ પણે નાબૂદ કરવાના સરકારશ્રીનાં અભિયાનવિષે જરૂરી માહિતગાર કર્યા હતા તેમજ અન્ય માન.ચેરમેનશ્રીઆરોગ્ય સમિતિ, હોસ્પિટલ સમિતિ ના ચેરમેનશ્રી તથા ડે.કમિ.શ્રી હેલ્થ એન્ડ હોસ્પીટલ ધ્વારા ટીબી અંગે વિશેષ માહિતી આપવામાં આવેલ અને સરકારશ્રીનાં મહાત્મા ગાંધી સ્વચ્છતાઅભિયાનઅંતગત શહેરને વધુ સ્વચ્છ અને સ્વસ્થ રાખવા માટે જરૂરી સાથ સહકાર આપવા જણાવવામાં આવેલ હતુ. ત્યાર બાદ મહાનગરપાલિકા ધ્વારા સંચાલિત ટીબી પ્રોજેકટનાં ડો.શેલેડીયા ધ્વારા શહેરમાં ટીબીની શું પરિસ્થિત છે તેની માહિતિ આપી અને ટીબીનાં લક્ષણો જણાવી આ રોગની સારવાર કયાં કયાં સ્થળે આપવામાં આવે છે તેનાથી સૌને માહિતગાર કર્યા અને ભારત સરકારનાં ટીબીનાં રોગને દેશમાંથી નાબૂદ કરવાના અભિયાનમાં સૌને મહતમ ફાળો આપવા જણાવેલ હતું.

૧૯૨૧

# <u>પ્રેસનોટ</u>

<u>**વિષય**</u> : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૨૧ થી ૨૩–૦૩–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ઋતુને ધ્યાનેઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૧૬૪ લારીઓ ચેક કરી, સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૧૪૧૬ કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાધ પદાર્થોનું ૮૨૪ સ્થળે ચેકીગ કર્યુ, જે પૈકી ૩૨૯ સંસ્થાઓને નોટીસ આપી તથા ૨૬સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાધ પદાર્થ વેચતી સંસ્થાઓ ૨૩૮ ચેકી કરી જે પૈકી ૬૫ સંસ્થાઓને નોટીસ આપીતથા ૮સંસ્થાઓને બંધ કરાવેલ હતી.દુધની ડેરી– ૧૪૯ ચેકી કરી જે પૈકી ૨૩ સંસ્થાઓને નોટીસ આપીતથા ૧સંસ્થાઓને બંધ કરાવેલ હતી.બરફની ફેકટરી કુલ ૧૧ સંસ્થા ચેક કરી તે પૈકી ૯ સંસ્થાઓને નોટીસ આપી.બરફનું વેચાણ કરનાર સંસ્થા ૪૮ ચેક કરી જે પૈકી ૯ સંસ્થાઓને નોટીસ આપી તથા ૧૦ સંસ્થાને બંધ કરાવેલ હતી.

૧૯૨૨

# <u>સુરત મહાનગરપાલિકા</u>
# <u>સાઉથ–વેસ્ટ(અઠવા)</u>
# <u>અખબારી યાદી</u>

**વિષય :** આકારણી વિભાગ ધ્વારા મિલકત વેરાની રીકવરી બાબત.

સુરત મહાનગરપાલિકામાં આવેલ સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં આકારણી અને વેરા વસુલાત વિભાગ ધ્વારા તા.૨૧/૦૩/૨૦૧૭ થી તા.૨૩/૦૩/૨૦૧૭ દરમ્યાન પારલે પોઈન્ટ, અઠવાલાઈન્સ, અઠવા ગેટ, ઘોડદોડ રોડ, બાલાજી ઈન્ડસ્ટ્રીઝ , અંબાનગર, ઉધના મગદલ્લા રોડ તેમજ અલથાણ ભટાર, અલથાણ કેનાલ રોડ, વી.આઈ.પી.રોડ, વેસુ વિગેરે વિસ્તારોમાં મિલકતોના વેરાની વસુલાત માટે નાણાંકીય વર્ષ માર્ચ એન્ડીંગને ધ્યાનમાં રાખી ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. તે દરમ્યાન સ્થળ પર રૂા.૫૫,૧૩,૯૨૧/– વસુલ કરવામાં આવેલ છે. જયારે સ્થળ ઉપર વેરો ન ભરનાર મિલકતદારોની કુલ–૧૨૦ મિલકતોને સિલ કરવામાં આવેલ છે.

વધુમાં બાકી મિલકતદારો પાસે આગામી દિવસોમાં વેરા વસુલાતની ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે.

૧૯૨૩

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ એકવેરિયમ** |

**વિષય : માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ એકવેરિયમના તા.૧૭/૦૩/૨૦૧૭ થી તા.૨૩/૦૩/૨૦૧૭ સુધીની કરેલ કામગીરી અને આવકની માહિતી**

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૧૭/૦૩/૨૦૧૭ થી તા.૨૩/૦૩/૨૦૧૭ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન (લીબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂ.૧,૬૭,૩૩૫/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૧૦,૭૮૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૦૫.૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૩૭.૨૫૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૬૦ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ડબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂ.૪૩,૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અનેપશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખળતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ –૧૯૫૧ ની કલમ – ૯૦ (એ)(૧) મુજબ – ૦૭ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ .

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૩,૨૯૦ અને ૫,૩૪૪ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૭૬, ૨૬૦/– અને રૂા.૨,૧૩,૩૯૦/– રકમ મળી કુલ રકમ રૂા.૩,૮૯,૬૫૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

૧૯૨૪

# પ્રેસનોટ

## નોર્થઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં હાલમાં ટી.પી.રસ્તા, રીઝર્વેશનનાં પ્રત્યક્ષ કબ્જા લઈ રસ્તા/રીઝર્વેશન પ્લોટ ખુલ્લો કરવાની ઝુંબેશના ભાગરૂપ આજરોજ(તા.૨૪/૦૩/૨૦૧૭) ટી.પી.સ્કીમ નં. ૬૬ (કોસાડ–વરીયાવ) સાંઈ એમ્બ્રો અને હાઉસીંગ બોર્ડની વચ્ચેથી પસાર થતાં ૧૮.૦૦મી ના ટી.પી. રસ્તા પર આવેલ ૧૭ (સત્તર) દુકાનો તેમજ ૩ (ત્રણ) એમ્બ્રોડરી શેડ દુર કરી આશરે ૬૦૦૦ ચો.ફુટ રસ્તાના કબ્જા મેળવી રસ્તાનો પ્રત્યક્ષ કબ્જો લેવામાં આવેલ છે. આ બોટલ નેક ખુલ્લો થવાને કારણે સદર જગ્યાએ ટ્રાફીક જામની ખુબ જ ગંભીર સમસ્તાનો પણ કાયમી નિકાલ થયેલ છે.

સદર કામગીરી ડે.કમિશનરશ્રી કેતન પટેલ તથા કાર્યપાલક ઈજનેરશ્રી સી.બી. વસાવાનાં સીધા માર્ગદર્શન હેઠળ દબાણ સ્ટાફની મદદથી પાર પાડવામાં આવેલ છે.

૧૯૨૫

# પ્રેસનોટ

**" Unite To End TB " સુત્ર આધારિત**

**વિશ્વ ક્ષય દિન–૨૦૧૭ નિમીતે લોક જાગૃતિ અર્થે રેલી**

**તથા ગાંધી સ્મૃતિ ભવન ખાતે અન્ય પ્રોગ્રામ**

''વિશ્વ ક્ષય દિન'' નિમીતે લોકોમાં ટીબી અને ડોટસની સારવાર પધ્ધતિ અંગે જાગૃતિ અને જાણકારી ફેલાય તે માટે સુરત મહાનગરપાલિકાના આર.એન.ટી.સી.પી વિભાગના વડા ડો. કે.એન.શેલડીયા ધ્વારા એક રેલીનું આયોજન તા.૨૪/૦૩/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ હતું. સદર રેલીનું પ્રસ્થાન સુરત મહાનગરપાલિકાનાં માનનીય મેયરશ્રી અસ્મિતાબેન શિરોયા ધ્વારા લીલી ઝંડી બતાવીને ચોપાટી ગાર્ડન ખાતેથી કરાવડાવ્યું હતું. આ રેલીમાં નેતાશ્રી શાસક પક્ષ ગિરિજાશંકર મિશ્રા, આરોગ્ય સમીતી ચેરમેન અનિલ બિસકીટવાલા, રૂગ્ણાલય સમીતી ચેરમેન ડો.રમણભાઈ પરમાર, ડે. કમિશનરશ્રી (હે. અને હોસ્પિ.), ડો. એચ.એસ. દેસાઈ, આરોગ્ય અધિકારી ડો.આશિષ નાયક, સીટી ટીબી ઓફીસર ડો.કે.એન.શેલડીયા, સાપકુના ડો.સોંધરવા, ઈન્ડીયન મેડીકલ ઓસોસીયેશનના પ્રમુખ ડો. મનસુખ ગટીવાલા સહીત અન્ય પદાધિકારીઓ–અધિકારીઓ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીઓ તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા તથા સુરત મહાનગરપાલિકાના શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરશ્રીઓ, આર.એન.ટી.સી.પીના તમામ એમ.ઓ.ટી.સી તથા આર.એન.ટી.સી.પીનો તમામ સ્ટાફ તેમજ એસટીડીસી પ્રોજેકટના કાઉન્સેલરો તથા તમામ ICDS વર્કરો સદર રેલીમાં ઉપસ્થિત રહયા હતા. રેલીના અંતે સુરત મહાનગપાલિકાના સીટી ટીબી ઓફીસર ડો.કે.એન.શેલડીયા સાહેબે રેલીમાં હાજર રહેનાર તમામ મહાનુભાવોનો આભાર માન્યો હતો.

ટીબી સંપુર્ણ પણે મટી શકે તેવો રોગ છે તેમ છતા વિશ્વમાં સૌથી વધુ ટીબીનાં કેસો ભારતમાં છે. તેનુ મુખ્ય કારણ સારવાર અધુરી છોડવાનું દર્દીનું વલણ છે. 'ડોટસ' પધ્ધતિમાં દર્દી સારવાર પર ન આવે તો તેની ઘરની મુલાકાત કરી સારવાર શરૂ કરવામાં આવે છે અને દર્દી સાજો થાય ત્યાં સુધી તેની કાળજી પૂર્વક તથા લાગણી સભર માવજત કરવામાં આવે છે તથા દર્દીને વીઆઈપી ગણવામાં આવે છે જેને લીધે જ 'દર્દી દેવ ભવ' નું સુત્ર અત્રે પ્રસ્તુત છે.

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ટીબીનાં નિદાન  તથા સારવાર માટે વિનામૂલ્યે સુવિધા તમામ અર્બન હેલ્થ સેન્ટર ખાતે ઉપલબ્ધ છે. મલ્ટી ડ્રગ રેસીસ્ટન્ટ ટીબીની સારવાર બે વર્ષ જેટલી લાંબી હોય છે તથા તેનો લગભગ ત્રણ લાખ જેટલો ખર્ચ થાય છે, જે તમામ વિનામૂલ્યે આપવામાં આવે છે.

સુરત મહાનગરપાલિકામાં રીવાઈઝડ નેશનલ ટીબી કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત કામગીરી કરતા તમામ ટીબી હેલ્થ વીઝીટરો, સુપરવાઈઝરો, મેડીકલ ઓફીસરો, લેબોરેટરી ટેકનીશ્યનો, આંગણવાડી વર્કરો , કાઉન્સેલરો તથા સ્વૈચ્છિક સંસ્થાઓએ આખા વર્ષ  દરમ્યાન સારી કામગીરી કરેલ છે તેના પ્રતિક  રૂપે અત્રે એવોર્ડ આપી સન્માનીત  કરવાનો  આ પ્રયત્ન છે જેથી તેમને પણ ખૂબ ઉત્સાહ પૂર્વક કામગીરી કરવા પ્રેરણા આપશે તથા તેનો અર્થ એ નથી કે જેમને એવોર્ડ નથી મળ્યો તેઓ એ કામ બરાબર નથી કર્યુ, તેમને પણ પ્રેરણા લઈ ટીબીના દર્દીઓને બચાવવા કામગીરી તથા દર્દીઓનું કાઉન્સેલીંગ કરવા નમ્ર અપીલ છે.




વિશ્વ ક્ષય દિન નિમીતે ગાંધી સ્મૃતિ ભવન ખાતે ૨૦૧૬માં સારી કામગીરી કરનાર અધિકારી, કર્મચારી , પ્રાઈવેટ ડોકટરો, આંગણવાડી કાર્યકરો તથા અન્ય સંસ્થાઓને યોજવામાં આવેલ એવોર્ડ સમારંભમાં નેતાશ્રી શાસક પક્ષ, આરોગ્ય સમીતી ચેરમેન, રૂગ્ણાલય સમીતી ચેરમેન, ડે. કમિશનરશ્રી (હે. અને હોસ્પિ.), આરોગ્ય અધિકારી ધ્વારા એવોર્ડ એનાયત કરવામાં આવેલ હતા તથા ટીબી રોગથી ડોટસ સારવાર ધ્વારા સાજા થયેલ દર્દીઓને પણ એવોર્ડ અને ગીફટ આપી સન્માન કરીને પહેલ કરવામાં આવેલ હતી.




**"Unite To End TB " સુત્ર આધારિત**

**વિશ્વ ક્ષય દિન–૨૦૧૭ નિમીતે લોક જાગૃતિ અર્થે રેલી**

વિશ્વ ક્ષય દિન નિમીતે લોક જાગૃતિ અર્થે ચોપાટી ગાર્ડનથી રેલીનું પ્રસ્થાન મેયરશ્રી અસ્મિતા શિરોયા ધ્વારા કરવામાં આવ્યુ હતુ. તેમની આગેવાની હેઠળ નેતાશ્રી શાસક પક્ષ ગિરિજાશંકર મિશ્રા, આરોગ્ય સમીતી ચેરમેન અનિલ બિસકીટવાલા, રૂગ્ણાલય સમીતી ચેરમેન ડો.રમણભાઈ પરમાર, ડે. કમિશનરશ્રી (હે. અને હોસ્પિ.), ડો. એચ.એસ. દેસાઈ, આરોગ્ય અધિકારી ડો.આશિષ નાયક, સીટી ટીબી ઓફીસર ડો.કે.એન.શેલડીયા, સાપકુના ડો.સોંધરવા, ઈન્ડીયન મેડીકલ ઓસોસીયેશનના પ્રમુખ ડો. [illegible] સહીત અન્ય પદાધિકારીઓ, અધિકારીઓ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીઓ તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા. આરોગ્ય કાર્યકર્તાઓ ધ્વારા સૂત્રોચાર સહિત વિવિધ પ્લેકાર્ડ સાથે રેલી

"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬-૧૭"

Smart City

**પ્રેસનોટ**

**સ્માર્ટ સીટી મિશન અંતર્ગત**
**"કેટેલાઈઝીંગ ઈનોવેશન એન્ડ સ્ટાર્ટઅપ ઈન્કયુબેશન"**
**અન્વયેના વર્કશોપ બાબત**
**૨૪ માર્ચ ૨૦૧૭**

સ્માર્ટ સીટી મિશન માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા તા. ૨૫ જૂન, ૨૦૧૫ નાં રોજ જાહેર કરવામાં આવેલ. આ યોજના અંતર્ગત ભારત દેશના પસંદગી પામેલ કુલ ૧૦૦ શહેર પૈકી સુરત શહેર નો સમાવેશ શહેરના વિકાસ માટે અત્યાર સુધી કરવામાં આવેલ નોંધનીય કામગીરીને કારણે થયેલ. ત્યારબાદ ૨૮ જાન્યુઆરી ૨૦૧૬ ના રોજ ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલયના કેન્દ્રીય મંત્રી માન. શ્રી વેંકૈયા નાયડુ દ્વારા પ્રથમ ચરણમાં જાહેર કરેલ ૨૦ શહેરોના નામ પૈકી સુરત શહેર તેમજ સુરત મહાનગરપાલિકાની નોંધનીય કામગીરીને કારણે શહેરનો સમાવેશ ચોથા ક્રમે થયેલ છે.

સુરત શહેર વિશ્વનું સૌથી ઝડપી વિકાસ કરતા શહેરોમાંનું એક શહેર છે. સુરત શહેરમાં હાલ ટેક્ષ્ટાઈલ, ડાયમંડ તેમજ હજીરામાં આવેલ ક્રિભકો, રિલાયન્સ, એસ્સાર, ઓએનજીસી, એલ એન્ડ ટી વિગેરે જેવા ઔદ્યોગિક એકમો તથા ઘણા બધા નાનાં-મોટા ઔદ્યોગિક એકમો અને લઘુ ઉદ્યોગો આવેલ છે. સદર નાના એકમોનો વિકાસ થાય તેમજ ઔદ્યોગિક પ્રગતિ થતી રહે તે હેતુથી સ્માર્ટ સીટી મિશન અંતર્ગત સુરત સ્ટાર્ટઅપ સેન્ટરનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં સુરત શહેરના ઔદ્યોગિક સાહસિકોને સરકારી નીતિઓ તેમજ લઘુ ઉદ્યોગોને લગતી જુદી જુદી જરૂરિયાત પૂરી પાડવામાં આવશે. જેનાથી ભવિષ્યમાં સુરત શહેરમાં વધુ આર્થિક પ્રગતિ થવાની શકયતાઓ રહેલી છે. વધુમાં, સ્માર્ટ સીટી મિશન અંતર્ગત સુરત શહેરમાં આવેલ ઉદ્યોગ કંપનીઓના કર્મચારીઓના વ્યકિત વિકાસ તથા સ્કીલ ડેવલપમેન્ટ સાથોસાથ વિદ્યાર્થીઓના સ્ટાર્ટઅપ માટે જરૂરી માર્ગદર્શન તથા નાના એકમના ઉદ્યોગકારોના ઈનોવેટીવ વિચારોને વૈશ્વિક સ્તરે લઈ જવા પ્લેટફોર્મ પુરૂ પાડવા જેવી વિવિધ કામગીરીઓનો સમાવેશ સ્ટાર્ટઅપ સેન્ટરમાં કરવામાં આવનાર છે. સુરતની ભાવી પેઢીઓને પોતાના વ્યકિત વિકાસ અને સ્કીલ ડેવલપમેન્ટ માટે સુરતના આંગણે આ સુવિધા ઉપલબ્ધ કરવા માટે સુરત મહાનગરપાલિકા સતત પ્રતિબધ્ધ રહી સુરતની ભાવી પેઢીને એક અનોખું પ્લેટફોર્મ પુરૂ પાડશે. જેથી સુરત શહેર, રાજય તથા દેશમાં ઔદ્યોગિકરણમાં એક આગવી ઓળખ ઉભી થવાની શકયતાઓ રહેલ છે.

ઉપરોકત વિષય અંતર્ગત વિચાર-પરામર્શ કરવા માટે તા.૨૪ માર્ચ, ૨૦૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાની કતારગામ ખાતેની ઝોન ઓફિસના કોન્ફરન્સ હોલમાં સદર પ્રોજેકટને લગતી વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. આ વર્કશોપના પ્રસંગે SCET, SVNIT, Gujarat University, Nirma University જેવી એકેડેમિક સંસ્થાના પ્રતિનિધિઓ તેમજ ICAI, SCCT, GUSEC, PWC જેવી ઔદ્યોગિક સંસ્થા અને ટ્રસ્ટના નિષ્ણાંત પ્રતિનિધિઓ હાજર રહેલ હતા.

તા.૨૪/૦૩/૨૦૧૭ નાં આ વર્કશોપમાં સુ.મ.પા.નાં મે. કમિશ્નરશ્રી તેમજ સુરત શહેરના મા. મેયરશ્રી ઉપસ્થિત રહેલ હતા, જેમાં સવારે ૧૦:૧૫ કલાકે માનનીય મેયર શ્રીમતી અસ્મીતાબેન શિરોયા દ્વારા કાર્યક્રમની ઉદઘાટન વિધી કરવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.................
તા.૨૪-૦૩-૨૦૧૭




Surat Smart City
Smart City
Consultation Workshop
On
Catalyzing Innovation &
Startup Incubation @ Surat

૧૯૨૭

"સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૬-૧૭"

પ્રેસનોટ

વિષય-નેશનલ ડીફેન્સ કોલેજના અધિકારીશ્રીઓની સુરત મુલાકાત

સુરત શહેરની તથા મહાનગરપાલિકાની અવિરત વિકાસ ગાથા પ્રત્યક્ષ નિહાળવા નેશનલ ડીફેન્સ કોલેજ ન્યુ દિલ્હીના ૧૫ અધિકારીશ્રીઓ આજે સુરતની મુલાકાતે પધારેલ. સાંજે ૩:૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં જુના સ્ટેન્ડીંગ હોલમાં માન. મેયર શ્રીમતી અસ્મીતાબેન શિરોયા, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજેશભાઈ દેસાઈ, માન.મ્યુ. કમિશનરશ્રી એમ.થેન્નારશન તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીગણ સાથે એક મિટીંગનુ આયોજન કરવામાં આવેલ. મુલાકાત દરમ્યાન સુરત શહેરનાં વિકાસની ઝાંખી કરવાતું પ્રેસન્ટેશન રજુ કરવામાં આવેલ તથા મેહમાનશ્રીઓ ધ્વારા શહેરના વિકાસ સંદર્ભે ચર્ચા વિચારણા કરવામાં આવેલ. મુલાકાતના અંતે નેશનલ ડીફેન્સ કોલેજના અધિકારીશ્રી તથા ટીમ લીડરશ્રી ધ્વારા માન. મેયરશ્રી તથા માન. કમિશનરશ્રીને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં...1927.....
તા.૨૪-૦૩- ૨૦૧૭


સુરત મહાનગરપાલિકા



૧૯૨૮

# સુરત મહાનગર પાલિકા

## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી

## અખબારી યાદી

## સુરત મહાનગરપાલિકા દ્વારા આજરોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ અંતર્ગત કરવામાં આવેલ ખાડી સફાઈ,સ્ટોર્મ ડ્રેનેજ,ફોગીંગ જેવી વિવિધ કામગીરી તથા "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૨૫/૦૭/૧૭** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે સ્ટ્રોમડ્રેનેજ માં પાણીનાં ભરાવામાં દવા છંટકાવ, ફોગીંગ તથા સ્ટોર્મ ડ્રેનેજ જાળીયા પ્લાસ્ટીકશીટ વડે ઢાંકવા, ખાડીકિનારે માઈનોર એન્જી. કરાવી તેમાં દવા છંટકાવ કરાવવો,ખેતરોમાં ભરાયેલ પાણીનો નીકાલ કરાવવો, બંધિયાર પાણી ભરાવામાં દવા છંટકાવ તેમજ તમામ ઝોનમાં "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

**<u>સ્ટોર્મ ડ્રેનેજમાં કામગીરી</u>**–અઠવા ઝોનમાં વેસુ વી.આઈ.પી અને કેનાલ રોડ પર સ્ટોર્મ ડ્રેઈનમાં જંતુનાશક દવા છંટકાવ તેમજ ઈનલેટ બેસાડવાની કામગીરી કરવામાં આવેલ છે.સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં નાનપુરા વિસ્તારમાં ડચ ગાર્ડન આજુબાજુ,સૈયદપુરા પમ્પીંગ આજુબાજુ સ્ટોર્મ વોટર ડ્રેઈનમાં જંતુનાશક દવા છંટકાવ તેમજ ઈનલેટ પેક કરવાની કામગીરી, અઠવા ઝોન દ્વારા ચોપાટી થી ઉમરાગામ સુધીનો નદી કિનારો તેમજ સ્ટોર્મ ડ્રેઈન લાઈનમાં જંતુનાશક દવાનો છંટકાવ અને કંતાન બેસાડવાની કામગીરી કરાવવામાં આવેલ છે.સેન્ટ્રલ ઝોનમાં આજે ચાર ટીમો દ્વારા નાનપુરા,સગરામપુરા અને મુગલીસરા વિસ્તારમાં સ્ટોર્મ વોટર ડ્રેઈનમાં જંતુનાશક દવા છંટકાવ,ફોગીંગ તેમજ જાળિયા પર કંતાન બેસાડવાની કામગીરી કરવામાં આવેલ તેમજ એક ટીમ સેન્ટ્રલ ઝોનનાં નદી કિનારાને લાગુ વિસ્તારમાં એન્ટિલાર્વલ કામગીરી માટે મૂકવામાં આવેલ છે.

**<u>ખાડી સફાઈની કામગીરી</u>**– રાંદેર ઝોનમાં લિંબાયત ઝોનની બે ટીમોને ભાઠા ગામ,તળાવ અને હળપતિવાસની પાછળની ખાડી પર એન્ટિલાર્વલ કામગીરી અંતર્ગત ઓઈલ સ્પ્રે માટે મૂકવામાં આવેલી હતી.તદઉપરાંત એક ટીમ પાલ ખાડી પર દવા છંટકાવ માટે મૂકવામાં આવી હતી. વી.બી.ડી.સી. મેઈન ઓફિસની ક્રોસ ટીમ પાલ તરફનો નદી કિનારો તેમજ અંબિકાનિકેતન અઠવા લાઈન્સ તરફ નદી કિનારે મૂકવામાં આવેલ હતી.કતારગામ ઝોનની ટીમોએ આજે નાનીવેડ,મોટી વેડ નદી કિનારે વેજીટેશન હઠાવી એન્ટિલાર્વલ કામગીરી કરવામાં આવેલ છે.વરાછા ઝોનની ટીમે ગૌતમપાર્ક પાછળની ખાડી પર સફાઈ અને એન્ટિલાર્વલ કામગીરી કરેલ જયારે વરાછા ખાડી સ્નેહમિલન સોસા. પાછળ પોકલેન મશીન થી સફાઈ કરવામાં આવેલ છે. રાંદેર ઝોનમાં પાલ સુડા આવાસ થી સિધ્ધિ વિનાયક રેસીડન્સી વાળી ખાડી પર બે જગ્યાએ

જે.સી.બી. મશીન થી સફાઈ કરાવવામાં આવી છે.સાઉથ ઝોનમાં ભરથાણા બમરોલી ખાડી પર પોકલેન મશીન થી ખાડી સફાઈ કરી પાણીનો ફલો વ્યવસ્થિત કરવામાં આવેલ છે તથા વડોદ ગામમાં ખાડી સફાઈની કામગીરી કરાવવામાં આવી છે.

**<u>ફોગીંગની કામગીરી–</u>** ગઈકાલે સુરત શહેરમાં જુદા જુદા ઝોનમાં ૧૧૬ ફોગીંગ મશીનો દ્વારા કુલ ૨૬૦ વિસ્તારોમાં તેમજ ૧૪ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીન થી ૧૨૬ જેટલી સોસાયટીઓમાં ફોગીંગની કામગીરી કરાવવામાં આવેલ છે. (પત્રક સામેલ છે)

**<u>ખેતરોમાં કરેલ કામગીરી–</u>** પાલ પાલનપુરના નક્ષત્ર એમ્બેસી પાછળનાં વિસ્તારના ખેતરોમાં ૨૪ બેલદારોની કુલ ૫ ટીમ બનાવી ૧૫ એકર જેટલાં વિસ્તારના ખેતરોમાં થયેલ પાણીના ભરાવામાં મચ્છરનિયંત્રણ માટે ખેડુતોને સમજાવી૧૨૫ કિગ્રા ટેમીફોસ ગ્રેન્યુઅલ્સનો છંટકાવ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત આજ રોજ ડે.કમિશ્નરશ્રી (હે.એન્ડ હો.),આરોગ્ય અધિકારીશ્રી તેમજ ડ્રેનેજ વિભાગનાં આસી.ઈજનેરશ્રી બરફીવાલા સાથે પાલનપુર વિસ્તારમાં જે ખેતરોમાં ખેડૂતો દ્વારા ડ્રેનેજની ડીસ્પોજલ લાઈન તોડી ખેતરમાં પાણી લેવામાં આવે છે. તે નક્ષત્ર એમ્બેસી પાછળનાં વિસ્તારોની મુલાકાત લઈ મચ્છરોનાં બ્રિડીંગ તેમજ એન્ટિલાર્વલ કામગીરી ચેક કરી હતી તથા આ વિસ્તારના ખેડુતોને સહકાર માટે અપીલ કરી હતી. લિંબાયત ઝોનનાં આસી. જંતુનાશક અધિકારીને સેન્ટ્રલ ઝોન ખાતે તેમજ વરાછા ઝોનનાં આસી.જંતુનાશક અધિકારીને પાલ ભાઠા વિસ્તારમાં ટીમોનાં સુપરવિઝન માટે મૂકવામાં આવેલ હતા.

**<u>ડ્રાય ડે ની કામગીરી–</u>**

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **34816** | **73910** | **249** | **10745** | **821** | **1689** | **117** | **33750** | **61** | **28741** | **8694** |

## તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા બી.આર.ટી.એસ.ફેઝ–૨ પ્રોજેકટ અંતર્ગત ફલાયઓવર બ્રિજ અને સીટી બસનું લોકાર્પણ,૨૮૪ L.I.G.આવાસોની ફાળવણીના કોમ્પ્યુટરાઈઝ ડ્રો તથા કુલ રૂા.૨૦૧.૮૦ કરોડના ખર્ચે વિવિધ ઝોન વિસ્તારમાં લોકાર્પણની તકતીઓની અનાવરણવિધિ શ્રી વિજયભાઈ રૂપાણી માનનીય મુખ્યમંત્રી, ગુજરાત રાજયના વરદ્‌હસ્તે તથા માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ પદે વિજયાનગર સ્ટેડિયમ,ઉધના,સુરત ખાતે સંપન્ન થયેલ.

માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાએ તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે સુરત શહેર ઐતિહાસીક શહેર છે.સુરતને વારંવાર ઉપનામોથી બિરદાવવામાં આવે છે.વર્ષ ૧૯૬૬માં સુરત મહાનગરપાલિકાની સ્થાપના થઈ હતી ત્યાર બાદ સુરત સતત પ્રગતિના પંથ પર આગળ વધી રહયા છે.રાજય સરકાર અને કેન્દ્ર સરકાર સતત સુરત મહાનગરપાલિકાના વિકાસમાં સહકાર આપે છે.જુદા જુદા રાજયના લોકો સુરતમાં આવીને વસ્યા છે તેઓને શાંતિ મળે,તેમને રોજગારી મળી રહે ,તેમને પીવાના પાણીની સુવિધાઓ જેવી પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે દિશામાં સુરત મહામનગરપાલિકા હંમેશા કાર્ય કરી રહી છે.લોકોને પર્યાવરણ મળી રહે તે માટે શાંતિકુંજ અને લેક ગાર્ડનનું નિર્માણ કરવામાં આવ્યું છે.ઓવરહેડ ટાંકીના નિર્માણથી પાણી પુરતા પ્રેશરથી મળી રહેશે સુરત શહેર સ્માર્ટ સીટી બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહયું છે.સુરત મહાનગરપાલિકા શહેરીજનોને પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં અગ્રેસર છે.

આ પ્રસંગે ઉપસ્થિત માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા તેમજ માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને શાલ,મોમેન્ટો તથા પુસ્તક આપી સ્વાગત કરેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પણ પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ.

માનનીય ધારાસભ્ય શ્રી નરોત્તમભાઈ પટેલે તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે સતત વિકાસની દિશામાં સુરત મહાનગરપાલિકા આગળ વધી રહયુ છે.ગુજરાત અને સમગ્ર દેશમાં સુરત શહેરના વિકાસની ચર્ચાઓ થાય છે.આજથી ૧૦ વર્ષ પહેલા સુરત મહાનગરપાલિકાને વિકાસ માટે કોઈ ફંડ મળતુ ન હતુ પરંતુ તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસમાં સહયોગ આપ્યો તેમણે સૌનો સાથ સૌનો વિકાસનું સુત્રને સાર્થક કરી બતાવ્યું છે.

માનનીય સાંસદ શ્રી સી.આર.પાટીલે  તેમના ઉદ્દબોધનમાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા તેના વિકાસના કામો માટે જાણીતી છે સુરત શહેરને બે નવી વિમાની સેવાની મંજુરી પણ મળી ગઈ છે.સર્વાંગી વિકાસનું ઉત્તમ કાર્ય સુરત મહાનગરપાલિકાએ કરી બતાવ્યું છે.સેવાસેતુ કાર્યક્રમ સમગ્ર દેશમાં વખણાયો છે.આ સેવાસેતુ કાર્યક્રમમાં હાલ ૧૮ જેટલા પ્રમાણપત્ર સ્થળ પર જ પ્રાપ્ત થાય છે.આવનાર સમયમાં ૧૨ જેટલા બીજા વધારાના પ્રમાણપત્રનો પણ સમાવેશ કરવામાં આવશે આમ કુલ ૩૦ જેટલા પ્રમાણપત્ર લોકોને સ્થળ પર જ મળી રહેશે.રાજય સરકારે ઘણા મહત્વના નિર્ણયો કર્યા છે.ખાસ કરીને ખેડુતોની નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે.

માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી  તથા અન્ય મંચસ્થ મહાનુભાવો ધ્વારા વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ કરવામાં આવેલ તથા સ્માર્ટ સીટીના લોગોનું લોન્ચીંગ કરવામાં આવેલ અને સ્પર્ધાના વિજેતાઓને ઈનામ આપી સ્વાગત કરવામાં આવેલ.

માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના ઉદ્દબોધનમાં સૌપ્રથમ સુરત મહાનગરપાલિકાને ૫૦ વર્ષ પુર્ણ કરવા બદલ શુભેચ્છા પાઠવી હતી.વર્ષ ૧૯૯૫ થી આજદિન સુધીમાં ભાજપના શાસને સુરત મહાનગરપાલિકાને વિકાસના પંથ પર લાવી દીધી છે.સુરત શહેરની જનતાએ જે વિશ્વાસ મુકયો છે તેને સુરત મહાનગરપાલિકાએ સાર્થક કરી બતાવ્યો છે.ગુજરાત જેમ રોલ મોડેલ બન્યુ છે તેમ સુરત પણ રોલ મોડેલ બન્યું છે. પ્રજા વિકાસ ઈચ્છે છે જે વિકાસ કરશે તેની ઉપર પ્રજા વિશ્વાસ મુકશે.

સુરત શહેર સ્માર્ટ સીટી,બ્રિજસીટી,ડ્રીમ સીટી,ગ્રીન સીટી તરફ કુદકે અને  ભુસકે  હરળફાળ રીતે પ્રગતિ કરી રહયું છે.સુરજ ઉગે છે અને સુરજ આથમે છે ત્યાં સુધી વિકાસના કામો જ થાય છે. સુરત શહેર સમગ્ર દેશના લોકોને પોતાનામાં સમાવી લીધા છે.સુરત મહાનગરપાલિકા ટ્રાફિક,પ્રદુષણ,ગંદકી જેવી સમસ્યા નિકાલમાં હંમેશા તત્પર રહે છે.બધા જ લોકો સુરતની વાત કરે છે સુરત પોતાની મહેનતથી આગળ વધ્યું છે.જયાં માનવી ત્યાં સુવિધા તે જ આ સરકારનો મંત્ર છે.

લઘુત્તમ સાધનો મહત્તમ ઉપયોગ કરી તથા લોકોના સહયોગને સાથે લઈ સંવાદથી  વિકાસ કરવાનું સુચન કયું હતુ.

વિધાનસભામાં ત્રણ મહત્તવના બિલ પાસ કરાવવાના પ્રયત્ન ચાલી રહયા છે.જેમાં ૧.ગૌવંશ હત્યા પર પ્રતિબંધ  ગાય ધ્વારા ગામડાની આર્થિક સ્થિત સુધારવા માટે નંદીઘર યોજના અમલમાં મુકવામાં આવશે તથા ગાય–ગીતા–ગંગાએ શ્રધ્ધાના કેન્દ્રો છે અને ગાયની હત્યા કરનાર માટે કાયદામાં આકરી સજા કરવા બાબતની રજુઆત કરવામાં આવશે.ર.પ્રાઈવેટ સ્કુલોની ફી વધારા પર નિયંત્રણ જરૂરી છે. શિક્ષણએ વેપારનું કેન્દ્ર ન બને બધાને શિક્ષણ મળી રહે તે તેનો મુખ્ય હેતુ છે.,૩. યુ.એલ.સી. યોજના અંતર્ગત મકાનો તોડવાના નહી પણ ૧૦ થી ૧૫ વર્ષ રહેતા લોકોને

મકાનોના માલિક બનાવવામાં આવશે.કાયદેસરના દસ્તાવેજથી તેઓ તેનું ખરીદ–વેચાણ પણ કરી શકશે.જેનો લાભ ૮૫૦ જેટલી સોસાયટીઓને તેનો લાભ મળશે.લગભગ ૮ લાખ લોકોને તેનો લાભ મળશે.

આ સરકાર નિર્ણાયક સરકાર છે.૧૦૦ દિવસમાં ૧૨૫ નિર્ણય,૨૦૦ દિવસમાં ૩૦૦ નિર્ણયો કરી પારદર્શકતા તરફ આગળ વધી રહી છે.તાપી નદીના શુધ્ધી કરણ માટે ચર્ચાઓ ચાલી રહી છે.નદીઓ ધ્વારા ગુજરાતમાં સુજલામ સુફલામ બને તે માટે સરકાર કાર્યો કરી રહી છે.

કાર્યક્રમના અંતે ડે.મયેર શ્રી શંકરલાલ ચેવલીએ ઉપસ્થિત મહેમાનો આભાર વ્યકત કરી કાર્યક્રમ સંપન્ન કરેલ.

આ પ્રસંગેશ્રી શ્રી નાનુભાઈ વાનાણી માન.મંત્રીશ્રી રાજયકક્ષા,પુર્ણેશભાઈ મોદી માન.સંસદીય સચિવ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ, શ્રી અજયકુમાર ચોકસી માન. દંડકશ્રી, ગુજરાત સરકાર, શ્રીમતી દર્શનાબેન જરદોશ માન.સાંસદ,માન.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, માન.ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી, માન.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ,માન.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ,માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ,માન.શહેર ભાજપ પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા,માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન, માન. પોલીસ કમિશનર શ્રી સતિષ શર્મા,વિવિધ સમિતિના ચેરમેનશ્રી, મ્યુ.સદસ્યશ્રીઓ, માન.ડે.મ્યુ.કમિશનરશ્રી એમ.નાગરાજન, અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ, લાભાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




Surat


Surat
WINNER
SURAT SMART CITY


Surat
SMART CITY


સુરત




VIJAY FIRE
FIRE
MAN





